સુવિચાર
સંયુકત કુટુંબના એકમમાં જે સહિયારાપણાની ભાવના હતી તે વિભકત કુટુંબે તોડી નાખી
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૫/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ જેઠ સુદ-૪ વર્ષ : ૧૫ અંક : ૧૩૫

શહેરમાં દબાણ હટાવ ઝૂંબેશનાં ભાગરૂપે પોલીસની ફલેગમાર્ચ યોજાઈ

અમરેલીમાં આજે નહી આવતીકાલથી દબાણ હટાવ ઝૂંબેશ શરૂ

છેલ્લા ૧૦ દિવસથી દબાણ હટાવ ઝૂંબેશની પ્રક્રિયાનાં ભાગરૂપે અમુક દબાણકર્તાઓએ સ્વૈચ્છિક દબાણ હટાવવાનું શરૂ કર્યુ

પાલિકા દ્વારા શહેરમાં થયેલ દબાણનું સર્વે પણ શરૂ કરી દેવામાં આવ્યું

૨ દિવસમાં દબાણ હટાવની કામગીરી પૂર્ણ ન થાય તો કામગીરીનાં દિવસો વધારવામાં આવશે

માત્ર સામાન્ય દબાણ હટાવાશે કે મહાકાય દબાણોને હટાવાશે તેના પર સૌની નજર

અમરેલી, તા. ૨૨

અમરેલી શહેરમાં ગત અઠવાડીયે અમરેલી પાલિકા ધ્વારા દબાણ હટાવ ઝૂંબેશ હાથ ધરવા માટે થઈ જાહેર નોટિસ પ્રસિધ્ધ કરાયા બાદ શહેરીજનોમાં દબાણ હટાવની કામગીરીને લઈ ભારે ફફડાટ ફેલાયો છે. ત્યારે શહેરમાં મુખ્ય માર્ગો ઉપર વેપારીઓ ધ્વારા સ્વૈચ્છાએ છાપરા, કેબીન હટાવી રહ્યાં છે. ત્યારે અમરેલી પાલિકા ધ્વારા ગમે તે ઘડીએ શહેરમાં દબાણ હટાવ ઝૂંબેશ હાથ ધરવામાં આવશે તેમ પાલિકા ધ્વારા જણાવ્યું હતું.

ત્રણેક દિવસ પહેલાં ચીફ ઓફિસર તથા પોલીસ અધિકારી સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં આગામી તા. ૨૩નાં રોજ યોજાનાર દબાણ હટાવ ઝૂંબેશ માટે કાયદો અને વ્યવસ્થા બાબતે ચર્ચાઓ પણ કરવામાં આવી હતી. પરંતુ હવે ૨૪ તારીખે દબાણ હટાવ ઝૂંબેશ શરૂ કરાશે.

દબાણ હટાવ ઝૂંબેશ પૂર્વે અમરેલી શહેરમાં સતત બે દિવસ સુધી સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં પાલિકા તથા અન્ય કચેરીનાં કર્મચારીઓ જોડાયા હતાં. તથા ગઈકાલ તથા આજે અમરેલી શહેરમાં પોલીસ ધ્વારા ફલેગમાર્ચ ગોઠવવામાં આવેલ હતી. આ ફલેગમાર્ચમાં પોલીસનો મોટો કાફલો, પાલિકાનો

અનુસંધાન પાના ૬ ઉપર

બાબરાનાં ચરખા બાદ ખાંભાનાં ભાણીયા ગામની ઘટના

અમરેલી જિલ્લામાં માનવ વસાહતમાં ઘુસીને હુમલો કરતાં રાનીપશુઓથી ફફડાટનો માહોલ

છાશવારે હુમલાઓ છતાં વન વિભાગ આળશ ખંખેરતું નથી

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાનાં વિસ્તારમાં અવાર–નવાર વન્ય પ્રાણીઓ માનવ વસ્તીમાં પાણી અને ખોરાક માટે ઘુસી આવતા હોય. જેને લઈ માનવ જીંદગી તથા દુધાળા તથા પાલતું પ્રાણીઓનો શિકાર કરવાની અથવા તો હુમલો કરવાની ઘટના હવે સામાન્ય બની છે. તો બીજી તરફ માનવ વસ્તીમાં ચડી આવતા વન્ય પશુઓ ઉપર પણ જીવનું જોખમ રહેતું હોય વન્ય પ્રાણીઓને પાણી તથા ખોરાક જંગલ વિસ્તારમાં જ મળી રહે તેમ વન વિભાગે ગોઠવીણ કરવી જરૂરી બની છે. ત્યારે ખાંભા તાલુકાનાં ભાણીયા ગામે આજે વ્હેલી સવારે સુતેલા ખેડૂત ઉપર દીપડાએ હુમલો કરી ખેડૂતને ગંભીર ઈજાઓ કરી છે. છેલ્લા ૫ દિવસમાં આ જ વિસ્તારમાં ખેડૂત ઉપર હુમલો કરવાની બીજી ઘટના સામે આવી છે.

આ બનાવમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ ખાંભા તાલુકાનાં ભાણીયા ગામે રહેતા અને ખેતી કામ કરતા ધીરૂભાઈ ટપુભાઈ વાળા નામનાં ૩૭ વર્ષિય ખેડૂત યુવક સુતા હતા ત્યારે અચાનક જ કદાવર દીપડાએ હુમલો કરી દઈ માથાનાં ભાગે ગંભીર ઈજાઓ કરી હતી જેથી ઘવાયેલા ખેડૂત યુવકને પ્રથમ ખાંભા અને વધુ સારવાર માટે અત્રેનાં દવાખાને ખસેડવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ જ ગામમાં પાંચ દિવસ પહેલા પણ એક ૪૫ વર્ષિય આધેડ ઉપર દીપડાએ હુમલો કરી આધેડને ઘાયલ કર્યા હતા. આ બનાવમાં હજુ દીપડો પીંજરે પુરાયો ન હોય ત્યાં આજે બીજી ઘટના સામે આવતા આ પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે શનિવારે બાબરાનાં ચરખા ગામે એક માલધારી યુવક ઉપર સિંહે હુમલો કર્યાની ઘટના પણ બની હતી.

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

ભાવભરી
શ્રદ્ધાંજલિ

ઇશ્વર આપના આત્માને શાંતિ અર્પે તેમજ સ્વજનો, મિત્રોને આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના...

લી.
યાકુબ રસભર્યા
(પૂર્વ સરપંચ, વિજપડી)
જનક નગદીયા
(પૂર્વ ઉપસરપંચ, વિજપડી)
રાજુભાઇ ધકાણ
(પ્રમુખ, વેપારી મહામંડળ)
મુ. વિજપડી, તા.સા.કુંડલા, જી. અમરેલી.

સ્વ. વી.વી. વઘાસીયા
પૂર્વ કૃષિ મંત્રીશ્રી (ઉ.વ. ૬૮)
સ્વ. તા. ૧૯/૦૫/૨૦૨૩, શુક્રવાર.

Krishna
DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

NAYARA
MAHA BACHAT UTSAV
NAYARA ENERGY
₹1 પેટ્રોલ/ડિઝલ પર પ્રતિ લિટર ની છુટ
યોગ્ય માત્રા
બજાર કિંમત કરતા ઓછો ભાવ
યોગ્ય ગુણવત્તા
ગેટ ચોર ટંકી ફુલ
મર્યાદિત સમયગાળા માટે ઓફર
*નિયમો અને શરતો લાગુ.
*ઓફર માત્ર પસંદગીના રિટેલ આઉટલેટ્સ પર જ માન્ય છે.
મર્યાદિત સમયગાળા માટે ઓફર
આપના નજીકના વિસ્તારના એસ્સાર તથા ન્યારાના પંપ પર ઉપલંબ્ધ

એક તરફ ઘરડાઘર બની રહ્યા છે અને બીજી તરફ મા–બાપની યાદમાં મંદિર

અમરેલીમાં મા–બાપનું મંદિર બનાવતાં શ્રવણ જેવા પુત્રો

સૌ કોઈએ દેવી-દેવતાઓ, સાધુ-સંતોનાં મંદિરો જોયા હશે આ તો પુત્રોએ પોતાના મા-બાપનાં મંદિરનું નિર્માણ કર્યુ

આજનાં સ્પર્ધાત્મક યુગમાં અનેક પરિવારોમાં મા-બાપની અવગણના થતી જોવા મળે તેવા સમયે પ્રેરણાદાયી ઘટના બની

પુત્રો અને તેમના મા–બાપની યાદમાં મંદિર બનાવતાં શહેરનાં વૃધ્ધો દ્વારા આશીર્વાદ વરસી રહ્યાં છે

વિચરતી જાતિ અને અશિક્ષિત પુત્રોએ એજયુકેટેડ દીકરાઓને માર્ગ ચિંઘ્યો

અમરેલી, તા. ૨૨

''ભુલો ભલે બીજુ બધુ, મા–બાપને ભુલશો નહી'', આ ઉકિત અમરેલીના એક પરિવારે સાર્થક કરી બતાવી છે. આજના સમયમાં ''ઘરડા ઘર''ની સંખ્યા વધી રહી છે ત્યારે અમરેલીના બે દીકરાઓએ પોતાના સદગત માતા–પિતાનું મંદિર જ બનાવી નાખ્યુ એ પણ નાનુ નહી ભવ્ય અને જાજરમાન.

તમે અનેક દેવી દેવતાઓના મંદિર જોયા હશે, અનેક સાધુ–સંતોના મંદિરો પણ જોયા હશે પરંતુ કોઈ દીકરાઓએ પોતાના માતા–પિતાનું ભવ્ય મંદિર બનાવ્યું હોય એવુ જોયુ કે સાંભળ્યું છે..?? જુઓ.. આ છે ''માવતરનું મંદિર''. અમરેલીના જેસિંગપરાના સિતારામ નગરમાં રહેતા વિચરતી જાતિના નટ બજાણીયા સમાજમાંથી આવતા એક પરિવારે પોતાના માતા–પિતાનું ભવ્ય મંદિર નિર્માણ કર્યુ છે. અમરેલીમાં વર્ષોથી સ્થાઈ થયેલા સ્વ. મોહનભાઈ અને સ્વ. મોંઘીબેનને ચાર દીકરાઓ હતા. શ્યામસિંહભાઈ, શંકરભાઈ, વિજયભાઈ અને કાળુભાઈ આ ચારેય દીકરાઓએ મા–બાપની ખુબ સેવા કરી હતી પંરતુ તેમના કાળક્રમે તેમના માતા–પિતાનો સ્વર્ગવાસ થયો. તેમના બે દીકરાઓ વિજયભાઈ અને કાળુભાઈ પણ આજે હયાત નથી પરંતુ શ્યામસિંહભાઈ અને શંકરભાઈએ પોતાના માતા–પિતાને જ ભગવાનનો દરજજો આપ્યો અને તેનુ ભવ્ય મંદિર પણ બનાવી દીધુ.

શ્યામસિંહભાઈ અને શંકરભાઈ દ્વારા બનાવવામાં આવેલ આ ભવ્ય મંદિરમાં આશરે દસેક લાખ રૂપિયાનો ખર્ચ થયો છે તેમના માતા–પિતા મોહનભાઈ અને મોંઘીબહેનની આરસની મુર્તી ખાસ રાજસ્થાનમાં બનાવવામાં આવી છે. આગામી ૬ જુનથી ૮ જુન એમ ત્રણ દિવસ સુધી તેમના માતા–પિતાની મુર્તી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પણ યોજાશે. જેમનું આ મંદિર બનાવવામાં આવ્યુ છે એ મોહનભાઈ અને મોંઘીબહેન ભલે વિચરતી જાતિના સમાજમાંથી આવતા હોય પરંતુ તેઓ અમરેલી સાથે એટલા હળીમળી ગયા કે મોહનભાઈ અમરેલી નગરપાલિકાના સદસ્ય તરીકે ૩ ટર્મ સુધી રહ્યા હતા તો એક ટર્મ માટે મોંઘી બહેન પણ સદસ્ય રહી ચુકયા છે. આજે આ મંદિરનું નિર્માણ જોઈને અહીંના અન્ય વૃધ્ધો પણ ગદગદ થઈ જાય છે.

આજના સમયમાં આપણે અનેક એવા કિસ્સાઓ સાંભળીએ કે જોઈએ છીએ કે દીકરાઓ માતા–પિતાને ઘરડા ઘરમાં મુકી દે છે અને દેવી–દેવતાઓના મંદિર માટે મોટી રકમનું દાન કરે છે. ત્યારે આપણે જેને વિચરતી જાતિના કે અશિક્ષિત કહીએ છીએ તેવા સમાજના આ બે ભાઈઓએ એવા લોકો પર એક પ્રશ્નાર્થ લગાવ્યો છે જે પોતાને શિક્ષીત અને ફોરવર્ડ સમજે છે પરંતુ તેમના મા–બાપ વૃઘ્ધાશ્રમમાં રજળે છે.

વાહનચાલકોને જાહેરનામાનો કોઈ ડર નથી

લ્યો બોલો : સા.કુંડલામાં બાયપાસ બની ગયો છતાં પણ મહાકાય વાહનોની શહેરમાં અવરજવર

પોલીસ વિભાગે કડક કાર્યવાહી કરવી જરૂરી બની

સાવરકુંડલા, ૨૨

સાવરકુંડલા શહેરમાં બાયપાસ રોડનો ગંભીર પ્રશ્ન ઉકેલાય જતા વેપારીઓ અને સાવરકુંડલાવાસીઓને રાહત થઈ હતી પણ બાયપાસ રોડ કાર્યરત હોવા છતાં હજુ પણ રાજુલા, જાફરાબાદ, પીપાવાવ પોર્ટના મસમોટા તોતિંગ વાહનો હજુ પણ સાવરકુંડલા શહેરમાંથી જ પસાર થતા હોય ત્યારે તંત્ર દ્વારા તાકીદે આ તોતિંગ વાહનોને બાયપાસ તરફ વાળે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

અત્રે ઉલેખનીય છે કે અગાઉ બાયપાસ માર્ગ અધૂરો હોવાથી મસમોટા તોતિંગ વાહનો સાવરકુંડલા શહેરમાંથી પસાર થવાનો કારણે અનેક અકસ્માતો પોલીસ ચોપડે પણ નોંધાયા હોય ને અનેક માનવ જિંદગીઓ અકસ્માતે જીવન દીપ બુઝાઈ ગયા હોય ત્યારે હવે બાયપાસ રોડ કાર્યરત થઈ ગયેલો છે ને બાયપાસમાં મોટાભાગના વાહનો બાયપાસ રોડ પરથી ચાલવાને બદલે સાવરકુંડલા શહેરની મધ્યમાંથી પસાર થતા હોય ત્યારે થોડા દિવસો અગાઉ સાવરકુંડલા ડીવાયએસપી હરેશ વોરા દ્વારા રાત્રિના રાજુલા તરફથી મસમોટા હેવી વાહનોને પરત બાયપાસ તરફ ધકેલ્યા હતા ને અમરેલી રોડથી શહેરમાં ઘૂસેલા વાહનોને પરત અમરેલી રોડથી બાયપાસ તરફ રવાના કર્યા હતા. ત્યારે તંત્ર દ્વારા બાયપાસ શરૂ થઈ ગયો હોવા છતાં હજુ જાહેરનામું બહાર પાડવામાં થાબડ ભાણા થઈ રહ્યા હોય તેથી મસમોટા વાહનો શહેરની મધ્યમાંથી પસાર થવાનો કારણે હજુ અકસ્માતો થવાના ભયથી વેપારીઓ અને રાહદારીઓ સાથે નાના વાહન ચાલકો પણ રાત્રિના પૂરપાટ ઝડપે આવતા મસમોટા વાહનોથી ભયભીત હોવા છતાં તંત્ર દ્વારા તાકીદે આ બાયપાસ તરફથી જ મોટા વાહનો ચાલે તે અંગે જાહેરનામું વહેલી તકે પ્રસિધ્ધ કરે અને બાયપાસ રોડ પર પોલીસ કાર્યરત કરે તો મોટા વાહનોને બાયપાસ તરફ વાળીને શહેરીજનોને પડતી ગંભીર અગવડતા નિવારી શકાય તેમ હોય તેવી સાવરકુંડલાવાસીઓ ઈચ્છી રહ્યા છે.

ટાંકી પાડવાની મંજુરીની ફાઈલ ઝડપથી ચલાવો

લાઠીમાં પાણીની ટાંકી પડવાનાં વાંકે ઉભી હોય હટાવી લેવા માંગ

પાણીની ટાંકી તૂટી પડશે તો શાસકોની જવાબદારી

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાનાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં વર્ષો પહેલાની જર્જરિત ટાંકીઓ જોવા મળી રહી છે. ત્યારે વધુ એક જોખમી ટાંકીને લઈ લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. લાઠી શહેરમાં મુખ્ય માર્ગ ઉપર જર્જરિત હાલતમાં પાણી માટેની ટાંકી હોવાને કારણે લોકોમાં ભય જોવા મળી રહ્યો છે. જોખમી ટાંકી ગમે ત્યારે મોટો અકસ્માત સર્જે તેવી સ્થિતિમાં છે. ત્યારે લાઠી શહેરનાં લોકોએ ટાંકી પાડી દેવા માટેની માંગ ઉઠાવી રહ્યાં છે. જો કે નગરપાલિકા સંચાલિત હોવાને કારણે ટાંકી પાડવા માટેની મંજૂરી મંગાવવામાં આવી છે. પરંતુ હજુ સુધી ટાંકી પાડવા માટેની મંજૂરી નહી મળતા જીવનું જોખમ ઉભું થયું છે.

લાઠી શહેરનાં સ્થાનિકે જણાવ્યું કે, અમે અહીંથી દરરોજ પસાર થઈએ છીએ. આ ૪૦ વર્ષ જૂની ટાંકીમાંથી ગાબડા પડે છે. નગરપાલિકામાં અમે અનેક વખત રજૂઆતો કરી પાલિકા ટેન્ડર અને મજૂરીના બાના બતાવે છે કોઈ ધ્યાન આપતું નથી. ઝડપથી ટાંકી નહીં પાડવામાં આવે તો મોટો અકસ્માત સર્જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

અગાઉ સાવરકુંડલા પંથકના કેટલાક ગામડાઓમાં જર્જરિત ટાંકીઓ ગ્રામ પંચાયત દ્વારા મંજૂરી લઈ પાડી દેવાય હતી, પરંતુ લાઠી શહેરમાં હજુ સુધી ટાંકી નહીં પાડવામાં આવતા લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

અમરેલી લોકસાહિત્ય સેતુ સંસ્થાની નિયમિત બેઠક બાલભવનમાં મળી

અમરેલી, તા. ૨૨

પ.પૂ.મોરારિબાપુના ઢડા આશિર્વાદથી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુ સંસ્થાની નિયમિત બેઠક બાલભવનના પ્રાર્થના ખંડમા મળી. પ્રારંભમા લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ પધારેલ સહુને શાબ્દિક આવકાર આપી કાર્યક્રમ વિશે ખાસ કરીને માતૃવંદના અંગે પ્રારંભ કરાવ્યો. સૂર્યનારાયણના સાક્ષાત સ્વરૂપે સખત ગરમી વચ્ચે લોકસાહિત્યના ચાહકો અને ભાવકોની હાજરી વચ્ચે કલાકાર કેવિનભાઈ રોકડ ઠંડીનો અહેસાસ કરાવતા મીઠા ગળાથી ગણપતિ સ્થાપના સમેત સંતવાણી રજુ કરી. મીઠા ગળાના ગાયિકા નિવૃત શ્રેષ્ઠ શિક્ષક એવાર્ડ વિજેતા તરૂબેને કવિ દલપતરાયની રચના 'હતો હુ સુતો પારણે પુત્ર નાનો' ગરવા ગળાથી ભાવસભર ગાઈ સહુને ભાવુક બનાવ્યા. રેડીયો કલાકાર, ડાયરાના કલાકાર, કુ.ઉર્વશિબેન બારોટે 'આહિરની છે દિકરી એનુ અમરમા છે નામ' ભવ્ય રીતે રજુ કર્યુ. આજના અતિથિ તરીકે અમરેલી જેલના પૂર્વ જેલર મહેશભાઈ દવે કે જેઓ મોટા ગજાના સાહિત્યકાર છે. તેમનુ સંસ્થા દ્વારા ભવ્યાતિ ભવ્ય સન્માન કરવામા આવ્યુ. કાર્યક્રમમા પ્રતિભાવ આપતા સંતોષપૂર્વક સંસ્થાને પ્રગતીના અભિનંદન આપ્યા. લોકસાહિત્ય કલાકાર રમેશભાઈ જાદવે પોતાની આગવી શૈલીમા દુહા, સપખરા, મરશીયાની પહાડી અવાજમા રજુઆત સાથે માતૃવંદનાથી વાતાવરણમા ઓર રંગત લાવ્યા.

સમગ્ર કાર્યક્રમથી બાલભવનના ચેરમેન આદરણીય હેમેન્દ્રભાઈ મહેતા, મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, નારણભાઈ ડોબરિયાએ સંતોષ વ્યકત કરી અભિનંદન આપ્યા. હરિદ્વારમા ગંગાસ્નાન કરતા યાત્રા માણતા આપણા હસુદાદા જોષી, ઓલીયાપીર આપા ગીગાની છઠ્ઠી પેઢીના વારસ મોટાભાઈ સંવટ ધાર્મિક પ્રસંગે સત્તાધારથી, ગોવિંદભાઈ ગોંડલીયા અને પંકજભાઈ જોષીએ બાબાપુરના પ્રાકૃતિક જલસામાથી, દેવકુભાઈ વાળાએ યાત્રાધામથી મોકલાવેલ શુભેચ્છા સંદેશાઓનુ વાચન કર્યુ. આભારદર્શન મહામંત્રી ગોરધનભાઈ સુરાણીએ આગવી શૈલીમા કર્યુ.

આજની બેઠકમા સર્વ ગોરધનભાઈ સુરાણી, નારણભાઈ ડોબરિયા, પ્રખર જયોતિષી રજનીભાઈ ભટ્ટ, હેમલત્તાબેન, સોનલબેન ત્રિવેદી, વૈશાલીબેન રોકડ, માલતીબેન પંડયા, ચંદ્રકાંતભાઈ, સમેત વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી મોજ માણી.

સ્વચ્છતા અભિયાનની કોઈ અસર નહીં

જાફરાબાદ : પાલિકાનાં શાસકોની બેદરકારીથી જાહેર મુતરડીમાં બેફામ ગંદકી

શાસકોએ જનતા જનાર્દનની સમસ્યા દૂર કરવી જોઈએ

તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદ ખાતે આવેલ પોસ્ટ ઓફિસની બાજુમાં આવેલ મૂતરડી કે જેમાં કાયમી ધોરણે ગંદકીના ઢગલા ખડકાયા છે અને આ ગંદકીના હિસાબે પોસ્ટ ઓફિસ આવતા નાગરિકોને આ મૂતરડીની ખુબ જ દુર્ગંધ આવતી હોય. પોસ્ટ ઓફિસની બાજુમાં નગરપાલિકા દ્વારા બનાવાયેલ નવી નક્કોર મૂતરડીમાં ખુબ જ દુર્ગંધ આવતી હોય પણ જવાબદાર પાલિકા ધ્વારા આ મૂતરડીની સાફ સફાઈ કરવામાં પણ આવતી નથી. પોસ્ટ ઓફિસ દ્વારા મૌખિક રજૂઆતો કરવામાં છતાં નગરપાલિકા કચેરીના બહેરા કાને અવજજ પહોંચતો નથી. આ પોસ્ટ ઓફિસે અનેક નાગરિકો આવતા હોય છે. ત્યાં નાગરિકો માટે આવેલ મૂતરડી અતિશય ગંદકીથી ખદબદતી હોય આ દુર્ગંધ મારતી મૂતરડીની નગરપાલિકા સાફ સફાઈ કરવામાં આવશે કે હોતા હૈ ચલતા હૈ નગરપાલિકા દ્વારા આ મૂતરડીની સાફ સફાઈ કરી તેમાં ફીનાઈલ તથા ડીડીટી નાખી આ મૂતરડીની દુર્ગંધથી, આ ગંદકીથી રોગચાળો ના ફેલાય તે માટેની નાગરિકોમાંથી માંગણી છે. નગરપાલિકાને શહેરીજનોની સુખાકારીની કોઈ ચિંતા નથી. જાહેર શૌચાલયો ગંદકીથી અને પાણીનો અભાવ હોવાથી જેમાં શહેરમાં સ્વચ્છતા બાબતે ઘોર બેદરકારી રાખવામાં આવી છે. શહેરમાં આવેલ જાહેર શૌચાલયમાં પાણી, વીજળી અને સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. પાલિકા દ્વારા કયારેક જાહેર શૌચાલયમાં પાણીઢોળ કરવાનું નાટક કરવામાં આવી રહ્યું છે. ગંદકીથી ખદબદતા બદબુદાર શૌચાલયમાં એટલે નર્કાગારનો સામનો કરવા જેવી હાલત છે. ૨૫ હજારથી ૩૦ હજારની જનતાની કોઈને પડી નથી.

આખાય જાફરાબાદ શહેરની છે જે શહેરની જવાબદારી લેવા વાળા સત્તાધારી, ઉચ્ચ અધિકારીઓને સરકારી સુવિધાઓવાળી ઓફિસો અને ગાડીઓની સુવિધામાં શહેરની સાચી અને ગંભીર બાબત કયારેય નથી દેખાતી હતી કે નથી જોવા માગતા હોતા જેનું પરિણામ શહેરની ભોળી જનતાને આવી બદબુદાર ગંદકીથી ઉભરાઈ રહેલ શૌચાલયો, જાહેરમાં આવેલ ઉકરડાનો સામનો કરવો પડશે. આ છે વાઈબ્રન્ટ અને ગતિશીલ ગુજરાત જેમાં જનતા જનાર્દનને ખદબદતી અને દુર્ગંધ મારતી સુવિધાઓમાંથી પસાર થવું પડશે. હવે જોવાનું રહ્યું જાફરાબાદ નગરપાલિકાની પ્રિ મોન્સુન કામગીરીમાં સાફ સફાઈ થશે કે નહી.

અસહ્ય ગરમી વચ્ચે ધરતી પણ ધ્રુજી

સા.કુંડલા : મીતીયાળા પંથકમાં પુનઃ ભુકંપનાં આંચકા શરૂ થયા

સમગ્ર પંથકની જનતા પુનઃ ચિંતીત બની

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલાનાં મીતીયાળા અને આસપાસનાં જંગલ વિસ્તારમાં ફરી એકવાર ધરા ધ્રુજી ઉઠી હતી. બપોરનાં સમયે ૧.૨ રિકટર સ્કેલનો આંચકો આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

અમરેલીનાં સાવરકુંડલાનાં મીતીયાળા અને આસપાસના વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ખાંભાનાં ભાડ અને વાંકીયા વચ્ચે ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું. આજે બપોરનાં સમયે ૧.૨ રિકટર સ્કેલનો હળવો આંચકો નોંધાયો હતો. ગામમાં ફરી એકવાર આંચકો નોંધાતા લોકો ચિંતીત બન્યા હતા.

અગાવ મીતીયાળામાં સતત ભૂકંપનાં કારણે રાજય સરકાર સુધી રજૂઆતો બાદ વિવિધ વિભાગની ટીમો કલેકટર સહિતનાં અધિકારીઓ દ્વારા આ ગામમાં પહોંચી સર્વે થયા બાદ તપાસ હાથ ધરી હતી અને લોકોમાંથી ભય દૂર કરવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બીજી તરફ લાંબા કેટલાક મહિનાઓ બાદ ફરી અહીં ધરા ધ્રુજતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

રાજકોટનાં જામનગર હાઈવે પર ૩૦ એકરમાં આધુનિક વૃધ્ધાશ્રમ બનશે

સદ્ભાવનાં વૃધ્ધાશ્રમમાં ર હજાર માવતરોને આશરો મળશે

આગામી રવિવારે પૂ. મોરારિબાપુની નિશ્રામાં વૃધ્ધાશ્રમનું ભૂમિપૂજન કરાશે

છેલ્લા ૮ વર્ષથી ૫૦૦થી વધુ નિરાધાર વડીલોને આશ્રય આપનાર વૃધ્ધાશ્રમ દ્વારા સેવાનો વ્યાપ વધારાશે

પશુ, પક્ષીઓ અને પર્યાવરણની પણ શ્રેષ્ઠ કામગીરી વૃધ્ધાશ્રમ દ્વારા થઈ રહી છે

વૃધ્ધાશ્રમનાં સંચાલક વિજયભાઈ ડોબરીયાનાં નેતૃત્વમાં સમગ્ર વિશ્વનું ધ્યાન દોરતી સેવાકીય પ્રવૃત્તિઓનો ધમધમાટ

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં વૃક્ષારોપણ તેમજ પશુ–પક્ષીઓની સેવા કરનાર સદ્ભાવના વૃધ્ધાશ્રમ ધ્વારા આગામી રવિવારે પૂ. મોરારિબાપુની નિશ્રામાં ૨૦૦૦ માવતરોને આશરો આપી શકાય તે માટે ૩૦ એકરમાં આધુનિક ભવનનાં નિર્માણ કાર્યનો પ્રારંભ થઈ રહ્યો છે.

સદ્ભાવના વૃધ્ધાશ્રમ છેલ્લા ૮ વર્ષથી ૫૦૦થી વધુ માવતરોની વિનામૂલ્યે નિઃસ્વાર્થપણે સેવા કરી રહ્યું છે. તેમજ પશુ–પક્ષીઓ માટે પ્રેરણાદાયી કાર્ય થઈ રહ્યું છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણની પણ જાળવણી કરવામાં આવી રહી છે.

નવનિર્મિત ભવનમાં સમગ્ર ગુજરાતમાંથી નિરાધાર માવતરોની સેવા કરવામાં આવશે. વર્તમાન સમયમાં વૃધ્ધાશ્રમનું નિર્માણ કરવું તે યોગ્ય નથી છતાં પણ સ્પર્ધાત્મક અને સ્વાર્થી જગતમાં માવતરોને સાચવવામાં અનેક પરિવારોમાં મુશ્કેલી ઉભી થઈ રહી છે. તેવા સમયે વિજયભાઈ ડોબરીયાનાં નેતૃત્વમાં સેવાભાવીઓની ટીમ માવતરની સેવા કરવા માટે દિવસ–રાત ભારે જહેમત ઉઠાવી રહી છે.

એક્ટિવ સર્વિસ પોઈન્ટ

પ્લમ્બર કામ જેવા કે, નળ રીપેરીં, ગટરનું ચોકઅપ, પ્રેશર ઓછું આવવું, દારની મોટર, ઓટો સેન્સર, ઘરમાંથી દુર્ગંધ આવવી, ટાંકા સુધી પાણી ન ચડવું, પાણીનાં ટાંકાની સફાઈ.

કડીયા કામ નાના મોટા રીપેરીંગ તથા રીનોવેશન લાદી, ચણતર પ્લાસ્ટર.

RO ફિલ્ટર સર્વિસ

ઈલેકટ્રીક કામ વાયરીંગને લગતા પ્રશ્નો તથા રીપેરીંગ તથા AC તેમજ ફ્રીજ

કલર કામ પુટ્ટી, કલર.

- AC સર્વિસ
- સુથારીકામ
- વેલ્ડિંગકામ
- ગેસચૂલા

એન્જીનીયરીંગ વર્ક સુપરવીઝન, એસ્ટીમેટ, પ્લાનીંગ તથા ડીઝાઈન.

ઉપર મુજબના દરેક પ્રકારના ચોકસાઈ પૂર્વક કામ માટે આજે જ સંપર્ક કરો

જગદીશભાઈ બી. વ્યાસ 97244 65508 : સંપર્ક : ભાર્ગવભાઈ વ્યાસ 89807 08023

સરનામું : 'ભારતીય શ્રમયોગી સંઘ' F/7 સિલ્વર પ્લેસ, સ્ટેશન રોડ, અમરેલી-365601

સા.કુંડલા ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી દ્વારા નેત્રયજ્ઞ યોજાયો

LIONS CLUB
AMRELI CITY

સાવરકુંડલા, તા. ૨૧

શ્રી સદ્ગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા નેત્રાલય હોસ્પિટલ સંચાલીત અમરેલી દ્વારા તથા રમાબેન અનિલભાઈ પારેખના આર્થિક સહયોગથી વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પ આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું.આ કેમ્પની અંદર ઓપીડીમાં ૯૦ દર્દીઓને લાભ લીધો હતો. અને તેમજ મોતિયાના ઓપરેશન ૧૬ દર્દીએ લાભ લીધો હતો. આ કેમ્પનુ દિપ પ્રાગટય લાયન્સ કલબ ઓફ અમરેલી સિટીમાંથી ભુપતભાઈ ભુવા તથા ભગવાનભાઈ કાબરીયા તથા ભદ્ગસીહ ફોરેસ્ટર તથા સામાજિક સેવા સંસ્થાન શ્રી બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટ ના ટ્રસ્ટી વિશાલભાઈ વ્યાસ, જિતેનભાઈ હેલૈયા, ચીમનનાથ નાથજી, મેહુલભાઈ ત્રિવેદી તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ નેત્રાલયના કર્મચારી નિલેષભાઈ ભીલ, કબીર ટેકરીના સ્વયંમસેવકો વગેરે સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાના ત્રીજા રવિવારે છેલ્લા ૧૦ વર્ષથી યોજાય છે.

ઉનાળાની ગરમીમાં સામાન્ય બાબતે માથાકૂટ

રાજુલા : શાકમાર્કેટમાં શાકભાજી વેંચવાનાં મનદુઃખે મહિલાને પાઈપ–લાકડી મારી

અમરેલી, તા. ૨૨

રાજુલા ગામે રહેતા અને શાકમાર્કેટમાં શાકભાજી વેંચવાનો વ્યવસાય કરતાં ગોમતીબેન ધનજીભાઈ સોલંકી નામની ૪૫ વર્ષિય મહિલાને તેમની બાજુનાં શાકભાજીનાં થડાવાળા રોહિત મુનાભાઈ તથા મેહુલ મુન્નાભાઈ નામના બે વેપારીએ ગ્રાહકોને શાકભાજી વેચવાનાં મનદુઃખનાં કારણે મહિલાને પાઈપ તથા લાકડી વડે માર મારી તેણીને તથા તેમના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ છે.

કરન્સી કાઉન્ટીંગ એન્ડ ચેકીંગ મશીન

- બધી જ નોટ એક સાથે ગણીને નોટ મુજબ હિસાબ કરી આપે
- ડુપ્લીકેટ (Fake) નોટ ચેકીંગ
- સીંગલ વેલ્યુ ચેક કરી શકે
- સમય બચાવે, ઝડપી ગણતરી કરી આપે

મીક્ષ વેલ્યુ કાઉન્ટીંગ મશીન

સીંગલ વેલ્યુ કાઉન્ટીંગ મશીન

એક્ષચેન્જ ઓફર શરૂ છે, સાથે મેળવો આકર્ષક ગીફ્ટ...

ૐ tech **ૐ ટેક વિઝન**
Mo. 97 37 507 507
લાઠી રોડ, અમૃતપાર્ક, રીલાયન્સ મોલની પાસે, અમરેલી.

"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"

એકલવ્ય

ડિઝીટલ કોમર્સ **કોમર્સ** 100% કોમર્સ

ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ

અમરેલી જીલ્લામા સૌ પ્રથમ **સ્માર્ટ બોર્ડ** દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ

મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર
અમરેલી - 365601
Mo.9106634426 / 9979449649

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

મહાકાલી જયોતિષ

જયોતિષ વિદ્યાનો ચમત્કાર LOVE GURU

- ૧૦૦% ચેલેન્જથી કામ
- હસ્તરેખા, લગ્નમાં વિલંબ
- લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
- મેલી વસ્તુ મુકિત, ગ્રહકલેશ
- નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
- ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
- એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
- પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
- મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
- શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત

મારે ત્યાંથી નીરાશ થશો નહીં

જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ–બહેનો વિશ્વાસથી મળો

૯૭૩૭૩ ૩૦૭૯૮

વાત ગુપ્ત રહેશે ઘરબેઠા સચોટ કામ

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

।। વંદે માતરમ્ ।।

YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA

જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar

Hero
go BIG go XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER

Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA

મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર

આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

HONDA સપના કરશે સાકાર...
હોન્ડા CD110
કિંમત રૂા. 69,761/-* થી શરૂ

સૌથી સસ્તુ બાઈક

સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલમેટ તદ્દન મફત

ઓથો.ડિલર
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Honda Shield 3+3 years warranty

ગુજરાત એટીએસનું રથયાત્રા પહેલાં આતંકવાદી વિરૂદ્ધ ઓપરેશન

અમદાવાદ રહી અલકાયદાનો પ્રચાર કરતા ચાર બાંગ્લાદેશીઓ ઝડપાયા

રથયાત્રા પહેલાં આ ગેંગ મોટી ઘટનાને અંજામ આપે તે પહેલાં જ એટીએસએ આ ષડયંત્રનો પર્દાફાશ કર્યો, ગુજરાતના યુવાનોને કટ્ટરપંથી બનાવવાનું ષડયંત્ર

અમદાવાદ, તા.૨૨

ગુજરાત એટીએસએ રથયાત્રા પહેલાં જ બોગસ આઈડી પ્રુફથી અમદાવાદમાં રહીને આતંકી સંગઠન અલકાયદાનો પ્રચાર પ્રસાર કરતાં ચાર બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા છે. તે ઉપરાંત અન્ય કેટલાક આરોપીઓ એટીએસની કસ્ટડીમાં હોવાની વિગતો પણ સામે આવી છે. બાંગ્લાદેશમાં બેઠેલા માસ્ટરમાઈન્ડના આદેશથી ગુજરાતના યુવાનોને કટ્ટરપંથી બનાવવાનું ષડયંત્ર ચાલતું હતું. તે ઉપરાંત આતંકવાદ માટે વિદેશમાંથી ભંડોળ એકત્ર કરવાના પણ કેટલાક પુરાવા એટીએસના હાથે લાગ્યા હોવાની માહિતી મળી છે. રથયાત્રા પહેલાં જ આ ગેંગ કોઈ મોટી ઘટનાને અંજામ આપે તે પહેલાં જ એટીએસએ આ ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત એટીએસને ગુપ્ત માહિતી મળી હતી કે, સોજીબમીયાં, આકાશખાન, મુન્નાખાન અને અબ્દુલ લતિફ નામના બાંગ્લાદેશી માણસો ગેરકાયદેસર રીતે ભારતમાં ઘૂસણખોરી કરી બોગસ આઈડી પ્રુફ બનાવી હાલમાં અમદાવાદના ઓઢવ અને નારોલ વિસ્તારમાં રહે છે. આ ચારેય ઈસમો પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલકાયદા સાથે જોડાયેલા છે. તેઓ મુસ્લિમ યુવાનોને અલકાયદામાં જોડાવા પ્રેરિત કરે છે. તેમજ અલકાયદા તન્ઝીમનો ફેલાવો કરવા માટે ફંડ ઉઘરાવી તેના આગેવાનોને પહોંચાડે છે. આ ઈનપુટના આધારે ગુજરાત એટીએસ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી અને મોહમ્મદ સોજીબમીયાં અહેમદઅલીની પુછપરછ કરવામાં આવી હતી.

એટીએસ દ્વારા કરાયેલી પુછપરછમાં સોજીબમીયાંએ કહ્યું હતું કે, તે બાંગ્લાદેશના મ્યેમનસિંહ જિલ્લાના ખુદરો ગામનો રહેવાસી છે. તેના ઘણા સંપર્કો દ્વારા અલકાયદાની વિચારધારાથી પ્રેરિત થયેલ અને ત્યાર બાદ તે અલકાયદાનો સભ્ય બન્યો હતો. સોજીબમીયાં તેના બાંગ્લાદેશી હેન્ડલર શરીફૂલ ઈસ્લામ સાથે સંપર્કમાં હતો. જેણે સોજીબને અલકાયદામાં જોડાવા માટે પ્રેરણા આપી હતી. શરીફૂલ ઈસ્લામ દ્વારા સોજીબમીયાનો પરિચય અલકાયદાના બાંગ્લાદેશના મ્યેમનસિંહ જિલ્લાના પ્રમુખ શાયબા નામના ઈસમ સાથે કરાવી હતી. શાયબા દ્વારા મોહમ્મદ સોજીબમીયા વગેરેને અન્ય યુવાનોને કટ્ટરપંથી બનાવવા, અલકાયદામાં જોડાવા અને સંગઠન માટે ભંડોળ એકત્ર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

સોજીબમીયાએ તેના સાગરીતો મુન્ના ખાલીદ અન્સારી અને અઝારૂલ ઈસ્લામ કફિલુદ્દિન અન્સારી પણ અલકાયદા સાથે જોડાયેલ છે તથા ભારતમાં પ્રવેશ કરીને ખોટા દસ્તાવેજોના આધારે ભારતમાં વસવાટ કરી રહ્યાં છે. તે ઉપરાંત તેઓ અલકાયદા માટે ફંડ એકત્રિત કરવાનું તથા અલકાયદાની વિચારધારા ફેલાવવાનું કામ કરી રહ્યાં છે. આ તમામ ઈસમો ગુજરાતમાં ઘણા વ્યક્તિઓના પરિચયમાં આવ્યાં છે. તેમણે અનેક લોકો પાસેથી નાણાં એકત્ર કરેલ છે. એટીએસની ટીમ દ્વારા તપાસ કરવામાં આવતાં સર્ચ દરમિયાન બોગસ આધારકાર્ડ તથા પાનકાર્ડ મળી આવેલ છે. આ ઉપરાંત પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલકાયદાની મીડિયા વિંગ દ્વારા પ્રકાશિત કટ્ટરવાદી સાહિત્ય પણ મળી આવ્યું છે. આ બાબતમાં ગુજરાત એટીએસ ખાતે આ ચારેય વિરુદ્ધ યુએપીએ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

બોગસ મતદાન રોકવા ચૂંટણી પંચ દ્વારા નવો પ્રયોગ

હવે મતદાન બાદ એ.આઈ પર આધારિત લેઝર ચિહ્નનો ઉપયોગ થશે

આ વર્ષે યોજાનાર પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પણ આ નવી પ્રણાલી લાગુ કરવામાં આવી શકે

નવી દિલ્હી, તા.૨૨

બોગસ મતદાન રોકવા માટે ચૂંટણી પંચ દ્વારા એક નવો પ્રયોગ કરવામાં આવનાર છે. મતદાન બાદ આંગળી પર ઈંકની જગ્યાએ લેઝર ચિન્હનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેકનીક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એ.આઈ. પર આધારિત હશે.

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આ વર્ષે યોજાનાર પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પણ આ નવી પ્રણાલી લાગુ કરવામાં આવી શકે છે. લેઝરથી બનાવવામાં આવેલ ચિન્હ લાંબા સમય સુધી રહે છે. તેને મટાવવું લગભગ અશક્ય છે એવો દાવો કરવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં પણ ઈવીએમમાં કેમેરા પણ બેસાડવામાં આવશે જે મતદારનો ફોટો પાડશે એવી સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નવી પદ્ધત્તિના ઉપયોગને કારણે ઈંકનો ઉપયોગ કાયમ માટે બંધ થઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મતદાન વખતે તે ઈંકનો ઉપયોગ કરવામાં આવે છે તે ખૂબ મોંઘી હોય છે. આ ઈંકમાં ચાંદીવાળું સિલ્વર નાયટ્રેટ નામનું રસાયણ વાપરવામાં આવે છે. ચાંદીનો ઉપયોગ થતો હોવાથી આ ઈંક ખૂબ જ મોંઘી પડે છે. ૨૦૦૯માં ૨૦ લાખ ઈંક બોટલ વપરાઈ હતી જ્યારે ૨૦૧૪માં ૨૧.૫ લાખ ઈંક બોટલ અને ૨૦૧૯માં ૨૬ લાખ ઈંક બોટલ વપરાઈ હતી. ત્યારે આ નવી ટેકનીકને કારણે ચૂંટણી પંચ પર આવનાર આ મોટો ખર્ચ ઓછો થઈ જશે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. લેઝર સ્પોટના ઉપયોગને કારણે બોગસ મતદાન રોકી શકાશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. લેઝર સ્પોટ કર્યા બાદ જો એ વ્યક્તિ ફરી મતદાન માટે આવે તો તે પકડાઈ જશે. બીજી તરફ ઈવીએમમાં બેસાડવામાં આવનાર કેમેરા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ટેક્નીકને કારણે ફરી મતદાન કરવા આવેલ વ્યક્તીને ઓળખી કાઢી ચૂંટણી અધિકારીને તે અંગેનું એલર્ટ મોકલશે.

ગૌતમ અદાણી માટે દર સપ્તાહે સારા-ખરાબ સમાચાર

એમએસસીઆઈમાંથી દૂર કરાતા અદાણીને બે કંપનીઓને ફટકો

ઈન્ડેક્સમાં થયેલા ફેરફારના કારણે અદાણી ગ્રૂપની કંપનીઓને લગભગ ૧૦ અબજ ડોલરનું નુકસાન

નવી દિલ્હી, તા.૨૨

એક સમયે ભારતના સૌથી ધનિક બિઝનેસમેન રહી ચુકેલા ગૌતમ અદાણી માટે દર અઠવાડિયે સારા સમાચાર અને ખરાબ સમાચાર બંને આવી રહ્યા છે. ગયા સપ્તાહમાં સુપ્રીમ કોર્ટની પેનલે અદાણી ગ્રૂપને તેની સામેના આરોપોમાં ક્લીન ચિટ આપી તે અદાણી માટે રાહતની બાબત છે, પરંતુ અદાણીની બે કંપનીઓને એમએસસીઆઈ ઈન્ડેક્સમાંથી દૂર કરવામાં આવી તેના કારણે ગ્રૂપને ફટકો પડ્યો છે. ઈન્ડેક્સમાં થયેલા ફેરફારના કારણે અદાણી ગ્રૂપની કંપનીઓને લગભગ ૧૦ અબજ ડોલરનું નુકસાન થયું છે.

એમએસસીઆઈ ઈન્ડેક્સમાંથી અદાણી ટોટલ ગેસ અને અદાણી ટ્રાન્સમિશન લિમિટેડને બહાર કરવામાં આવી છે. તેના કારણે આ બંને સ્ટોક્સ પર તેની ઘણી અસર પડી છે. શુક્રવારે ગૌતમ અદાણી ગ્રૂપની આ બંને કંપનીઓમાં મોટો ઘટાડો થયો હતો. પરંતુ પછી સુપ્રીમની પેનલ દ્વારા અપાયેલી ક્લીન ચિટના કારણે શેરનો દેખાવ સુધર્યો હતો. આજે આ લખાય છે ત્યારે અદાણી ટોટલ ગેસનો શેર ૫ ટકાની અપર સર્કિટ સાથે ૭૨૨ પર ચાલતો હતો. જોકે, આ શેરની બાવન વીકની હાઈ સપાટી રૂ. ૪૦૦૦ છે. આજે અદાણી ટ્રાન્સમિશનના શેરમાં પણ પાંચ ટકાની અપર સર્કિટ લાગી હતી અને આ શેર આ લખાય છે ત્યારે સવારે ૧૦ વાગ્યે રૂ. ૮૨૬ પર ચાલતો હતો. આ શેરની બાવન વીકની હાઈ સપાટી રૂ. ૪૨૩૬ અને ૫૨ વીકની નીચી સપાટી રૂ. ૬૩૧ છે. અદાણીના અન્ય સ્ટોક્સની વાત કરીએ તો તેમાં અદાણી ગ્રીનનો શેર પાંચ ટકા, અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર લગભગ ૮ ટકા વધ્યો છે.

એમએસસીઆઈમાં અદાણી ટ્રાન્સમિશનનું વેઈટેજ ૦.૩૪ ટકા હતું જ્યારે અદાણી ટોટલ ગેસનું વેઈટેજ ૦.૩૧ ટકા હતું. અમેરિકન શોર્ટ સેલર હિન્ડનબર્ગ રિસર્ચ દ્વારા ૨૪ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ અદાણી ગ્રૂપ સામે ગંભીર આરોપો કરવામાં આવ્યા હતા જેમાં અદાણી ગ્રૂપના શેરોના ભાવમાં ચેડા થતા હોવાનો આરોપ મુકાયો હતો. અદાણીની કંપનીઓ અદાણી ટ્રાન્સમિશન અને અદાણી ટોટલ ગેસને એમએસસીઆઈ ગ્લોબલ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાંથી બહાર કરવામાં આવ્યા છે. આ નિર્ણય પછી અદાણી ટ્રાન્સમિશનના શેરમાંથી ૨૦.૧ કરોડ ડોલરનો આઉટફ્લો જોવા મળી શકે છે જ્યારે અદાણી ટોટલ ગેસમાં ૧૮.૬ કરોડનો આઉટફ્લો આવી શકે છે. આગામી સમયમાં અદાણી ગ્રૂપ ક્યુઆઈપી મારફત ૨૧ હજાર કરોડ રૂપિયા એકઠા કરવા જઈ રહ્યું છે. એક્સપર્ટ માને છે કે અદાણીના ક્યુઆઈપી ઈશ્યૂમાં શેરના ભાવ નીચે રાખવામાં આવશે તો તેને નબળાઈ અથવા હતાશાના સંકેત તરીકે જોવામાં આવી શકે છે.

જુનિયર કેજી, સિનિયર કેજી માટે સરકારની નવી નીતિ

રાજ્ય સરકારની નવી પોલિસી: પ્રિ-પ્રાયમરી સ્કૂલનું રજિસ્ટ્રેશન ફરજિયાત

નિયમોના ભંગ બદલ હજારથી ૨૫ હજાર સુધીના દંડની જોગવાઈ પણ આ નવી પોલિસીમાં કરવામાં આવી છે

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં હજારોની સંખ્યામાં ખાનગી ધોરણે મંજૂરી વિના પ્રિ-પ્રાયમરી સ્કૂલો નર્સરી, સિનયર, જુનિયર કેજી, બાલ વાટીકા ધમધમી રહી છે. ત્યારે પ્રિ-પ્રાયમરી સ્કૂલને લઈને રાજ્ય સરકારે નવી પોલિસી બનાવી છે. જે મુજબ રાજ્યમાં હવે પ્રિ-પ્રાયમરી સ્કૂલનું રજિસ્ટ્રેશન કરાવવું પડશે. આ માટે સરકારમાં ૫ હજાર રૂપિયા રજિસ્ટ્રેશન ફી પણ ચૂકવવી પડશે. રાજ્ય સરકારની નવી પોલિસીમાં જણાવવામાં આવ્યું છે કે, ગ્રામ વિસ્તારમાં આવેલી પ્રિ-પ્રાયમરી સ્કૂલોનું સંચાલન જિલ્લા શિક્ષણ અધિકારી અને મનપા-નગરપાલિકા વિસ્તારમાં આવેલી નર્સરી, સિનયર, જુનિયર કેજીનું સંચાલન જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કરશે.

વર્તમાન સમયમાં જે ખાનગી સંસ્થાઓ આ પ્રકારની સ્કૂલો ચલાવે છે, જે નોન ગ્રાન્ટેડ છે તેવી સંસ્થાઓએ એક વર્ષમાં નવું રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ ઉપરાંત કોઈ નવી સંસ્થા પણ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને જિલ્લા શિક્ષણ અધિકારી પાસે નોંધણી કરાવ્યા વિના શરૂ થઈ શકશે નહીં. રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને પ્રવેશ આપી શકાશે. આ ઉપરાંત ઓથોરિટીની મંજૂરી વગર કોઈ સંસ્થા બંધ કરી શકાશે નહીં. જો કોઈ પ્રિ-પ્રાયમરી વર્ગો બંધ કરવા માંગે છે તો તેમણે ૬ મહિના અગાઉ આ અંગની જાણ કરવાની રહેશે. નિયમોના ભંગ બદલ હજારથી ૨૫ હજાર સુધીના દંડની જોગવાઈ પણ આ નવી પોલિસીમાં કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક અંદાજા મુજબ ગુજરાતભરમાં અત્યારે ૫૩૦૦૦ની આસપાસ નર્સરી, સિનયર, જુનિયર કેજી ચાલે છે. જેમાં અંદાજે ૨૦ લાખ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે.

RTE હેઠળ ૪૦૦થી વધુ એડમિશન રદ કરાયા

રાજ્યભરમાં RTE હેઠળના એડમિશન રી ચેક કરવાનાં આદેશ

રાજકોટ, તા.૨૨

રાજકોટ શહેર અને જિલ્લામાં ગેરરીતિ કરીને વાલીઓએ RTE હેઠળ તેમના બાળકોના એડમીશન લેવાનો પ્રયાસ કર્યો છે. મીડિયામાં અહેવાલ આવ્યા બાદ રાજ્યસરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યભરમાં RTE હેઠળના એડમિશન રી ચેક કરવાનાં આદેશ આપવામાં આવ્યા છે. જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ પોતાના બાળકોના RTE હેઠળ એડમીશન લઈ લીધા હોવાનું સામે આવ્યું છે અને આ વિદ્યાર્થીઓમાં એડમિશન રદ કરવાની કાર્યવાહી શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે.

રાજકોટમાં ૬ હજાર જેટલા RTE અંતર્ગત બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા છે.જેમાંથી ૪૦૦ જેટલા બાળકોના વાલીઓએ ખોટી રીતે એડમિશન લઈ લીધા હોવાનું સામે આવ્યું છે.જેમાં કેટલાક બાળકોએ તો ગતવર્ષે ફી ભરીને પહેલું ધોરણ ભણી લીધા બાદ ફરીથી આ વર્ષે પહેલા ધોરણમાં RTE અંતર્ગત પ્રવેશ મેળવી લીધો હતો.જેમાં નામ સાથે ક્યાંકને ક્યાંક ચેડાં કરીને ઓનલાઈન સિસ્ટમને છેતરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.જિલ્લા શિક્ષણ અધિકારી બી એસ કૈલાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ પ્રકારના વિદ્યાર્થીઓને ટ્રેકિંગ સિસ્ટમથી શોધીને શાળાઓને પ્રવેશ રદ કરવા આદેશ પણ આપવામાં આવ્યા છે અને એડમિશન રદ કર્યા બાદ જે જગ્યાઓ ખાલી થશે, તેમાં જરૂરિયાત વાળા અન્ય વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવશે.

વાલીઓ ઓનલાઈન પ્રક્રિયામાં બાળકના નામ સાથે કોઈને કોઈ રીતે નાનામોટા ફેરફાર કરી નાખે છે. જેથી ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં તે સામે ન આવે. શિક્ષણ વિભાગે આધારકાર્ડ સાથે કનેક્ટ સિસ્ટમ બનાવવી જોઈએ. જેથી તેના નંબર પરથી જો કોઈ વાલી નામ સાથે ચેડાં કરીને પણ એડમિશન લેવાનો પ્રયાસ કરે તો પણ તે સિસ્ટમમાં પકડાઈ જાય અને ગેરરીતિ ન આચરી શકે.

RTE અંતર્ગત ભણતર ગરીબ પરિવારના બાળકો સારી ખાનગી શાળાઓમાં ભણતર મેળવી શકે તે માટે રાજ્યસરકાર દ્વારા કરવામાં આવી છે. પરંતુ આ પ્રકારે જેમને જરૂરિયાત નથી તેવા વાલીઓ પણ ગેરરીતિ આચરીને પોતાના બાળકોને પ્રવેશ લેવડાવી લેતા ખરેખર જેમને જરૂરિયાત છે તેવા બાળકો અને વાલીઓ આ લાભથી વંચિત રહી જાય છે.જેથી શિક્ષણ વિભાગ દ્વારા ટ્રેકિંગ સિસ્ટમમાં ફેરફાર કરવું જરૂરી બન્યું છે.

આરબીઆઈના ગવર્નરનું મોટું નિવેદન

૨૦૦૦ની નોટ પરના પ્રતિબંધને સમસ્યા ન ગણો : શક્તિકાંત દાસ

RBIએ તમામ બેંકોને દરરોજ જમા કરવામાં આવતી ૨૦૦૦ રૂપિયાની નોટોનો ડેટા જાળવી રાખવા સૂચના આપી

નવી દિલ્હી, તા.૨૨

રૂપિયા ૨૦૦૦ની નોટ બંધ કરવાને લઈ આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે મોટું નિવેદન આપ્યું છે. ૨૦૦૦ રૂપિયાની નોટો બંધ કરવા પર આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે, આરબીઆઈનો ૨૦૦૦ રૂપિયાની નોટ લાવવાનો હેતુ પૂરો થઈ ગયો છે.

મુંબઈમાં આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે ૨૦૦૦ રૂપિયાની નોટ પાછી ખેંચવા પર કહ્યું કે, ચાર મહિનાનો સમય આપવામાં આવ્યો છે અને લોકો સરળતાથી નોટ બદલી શકે છે, તમે આરામથી નોટ બદલી શકો છો. નોટો બદલવા માટે પુષ્કળ સમય છે. જૂની નોટો બદલવા માટે લાદવામાં આવેલા પ્રતિબંધને સમસ્યા ન ગણો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તમામ બેંકોને દરરોજ જમા કરવામાં આવતી ૨૦૦૦ રૂપિયાની નોટોનો ડેટા જાળવી રાખવા સૂચના આપી છે. આરબીઆઈ દ્વારા ૨૨ મેના રોજ આ સંબંધિત સૂચનાઓ જારી કરવામાં આવી છે.

શક્તિકાંત દાસે કહ્યું કે, ૨૦૦૦ રૂપિયાની નોટોને બંધ કરવાનો નિર્ણય ક્લીન નોટ પોલિસી હેઠળ લેવામાં આવ્યો છે. આરબીઆઈ ગવર્નરે કહ્યું છે કે, ૨૦૦૦ રૂપિયાની નોટો બદલવાની સંપૂર્ણ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ૨૩ મેથી, અન્ય મૂલ્યો સાથે ૨,૦૦૦ રૂપિયાની નોટ બદલવાની મર્યાદા કોઈપણ બેંકમાં એક સમયે ૨૦,૦૦૦ રૂપિયા સુધીની રહેશે. ઉપરાંત તેમણે જણાવ્યું કે, અમે નોટો બદલવામાં આવતી મુશ્કેલીઓ પર સતત નજર રાખી રહ્યા છીએ.

આજથી ૨૦૦૦ની નોટો બદલવાની કાર્યવાહી શરૂ થશે

૨૦૦૦ની પાંચ નકલી નોટ મળશે તો એફઆઈઆર નોંધાશે

નોટોની સચોટતા અને વાસ્તવિકતાની ખાતરી કરવા માટે, તેની નોટ સોર્ટિંગ મશીન્સ દ્વારા તપાસ કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૨

આવતી કાલથી ૨૦૦૦ રૂપિયાની નોટો પાછી ખેંચવાની પ્રક્રિયા શરૂ થઈ રહી છે. દરમિયાન, બેંકોમાં બદલાવનારી નોટોની તપાસ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ ૨૦૦૦ રૂપિયાની નોટો જમા કરાવવા માટે શાખામાં આવે છે અને તેની કેટલીક નોટો નકલી હોવાનું જણાય છે, તો આવી સ્થિતિમાં તે બેંક નોટ જપ્ત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આરબીઆઈ દ્વારા આ નકલી નોટો પર સ્ટેમ્પ લગાવવામાં આવશે, ત્યારબાદ તે ફક્ત કાગળ બની જશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કહેવામાં આવ્યું છે કે, બેંકમાં જે ૨૦૦૦ રૂપિયાની નોટો બદલાઈ રહી છે તેની બારીકાઈથી તપાસ કરવામાં આવશે. તેની સચોટતા અને વાસ્તવિકતાની ખાતરી કરવા માટે, તેને નોટ સોર્ટિંગ મશીન્સ દ્વારા નોટની તપાસ કરવામાં આવશે. ગયા એપ્રિલની શરૂઆતમાં નકલી નોટો અંગે આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલી ગાઈડલાઈન્સને ધ્યાને રાખી આ નોટોની તપાસ કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ દ્વારા એક્સચેન્જ માટે આપવામાં આવેલી નોટોમાંથી કોઈ પણ નકલી હોવાનું જણાય છે, તો તેના પૈસા તેને આપવામાં આવશે નહીં.

નકલી નોટોના સંદર્ભમાં આરબીઆઈ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર, મશીન દ્વારા બેંકના કાઉન્ટર પર એક્સચેન્જ કરવા માટે ગ્રાહક દ્વારા આપવામાં આવેલી રૂ. ૨૦૦૦ની નોટોના ચેકિંગ દરમિયાન, જો તેમાંથી કોઈ પણ નકલી હોવાનું જણાયું, તો તેના પર બેંક ફેક કરન્સીનો સ્ટેમ્પ મારી અને તેને જપ્ત કરી લેશે. આ સ્ટેમ્પ મળ્યા બાદ આ નોટ નકામા કાગળ જેવી બની જશે. આવ દરેક પ્રકારની નોટની નોંધ લેવા રેકોર્ડ માટે અલગ રજિસ્ટરમાં દાખલ કરવામાં આવશે. આ સમય દરમિયાન જો કોઈ બેંક આવી નોટો ગ્રાહકોને પરત કરતી જોવા મળશે તો નકલી નોટોમાં બેંકની સંડોવણી ધ્યાનમાં લેવામાં આવશે અને દંડ પણ વસૂલવામાં આવશે. જો કોઈ વ્યક્તિ દ્વારા ૨૦૦૦ રૂપિયાની દસ નોટો બદલવામાં આવી રહી હોય, તેમાંથી જો ચાર નોટ નકલી હોવાનું જણાશે તો બેંક શાખા પોલીસને જાણ કરશે. બીજી તરફ, જો આ સંખ્યા પાંચ કે તેથી વધુ હશે તો આ મામલે એફઆઈઆર નોંધવામાં આવશે અને તેમની તપાસ કરવામાં આવશે. આ સાથે, એફઆઈઆરની નકલ પણ બેંકની મુખ્ય શાખાને મોકલવામાં આવશે.

આવી સ્થિતિમાં, નકલી નોટોને લગતી કોઈપણ સમસ્યાથી બચવા માટે, તમે આ રીતે નોટોને જાતે પણ ઓળખી શકો છો.

આ રીતે અસલી અને નકલી નોટનો ભેદ ઓળખી શકાય

- ● નોટની પાછળના ભાગમાં મંગલયાન છપાયેલું છે.
- ● નોટનું કદ ૬૬એમએમ x ૧૬૬ એમએમછે, આ નોટના રંગ ભૌમિતિક પેટર્ન આગળ-પાછળ અલાઈન થાય છે.
- ● અંકમાં લખેલા ૨,૦૦૦ ની સાથે ૨,૦૦૦ રૂપિયાની છૂપી રીતે એક તસવીર પણ હોય છે. નોંધમાં ઈલેક્ટ્રોટાઈપ વોટરમાર્ક પણ હોય છે.
- ● મહાત્મા ગાંધીના પોટ્રેટની જમણી બાજુએ ગવર્નરની સહી સાથે ગેરંટી ક્લોઝ, પ્રોમિસ ક્લોઝ અને આરબીઆઈનું પ્રતીક પણ છે.
- ● કલર શિફ્ટ વિન્ડો સેફ્ટી થ્રેડ જેમાં ભારત-ભારત લખેલું છે, જેમાં મહાત્મા ગાંધીના ફોટા સાથેની નોટ છે. જ્યારે તે નમેલું હોય ત્યારે તે લીલાથી વાદળી થઈ જાય છે.
- ● ૨,૦૦૦ નીચે જમણી બાજુએ ચિહ્ન સાથે રંગ બદલતી શાહીથી લખાયેલ છે, ઉપર ડાબી બાજુએ સંખ્યાઓ સાથે નંબર પેનલ પણ છે.

મોદી ૨૦૦૦ની નોટ લાવવાના પક્ષમાં ન હતા

ભાજપ મુદ્દા પર ઢાંકપિછોડો કરી રહ્યું હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

મોદી ૨૦૦૦ની નોટો લાવવાના પક્ષમાં ન હતા અને તેમને લાગતું હતું કે રોજિંદા વ્યવહારો માટે યોગ્ય નથી

નવી દિલ્હી, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પૂર્વ મુખ્ય સચિવે કહ્યું કે મોદી ૨૦૦૦ની નોટ લાવવાના પક્ષમાં ન હતા અને તેમને લાગતું હતું કે રોજિંદા વ્યવહારો માટે આ યોગ્ય નથી. આ નિવેદન પર કોંગ્રેસે આકરી પ્રતિક્રિયા આપી હતી.

આરબીઆઈએ શુક્રવારે ૨૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. આ નિર્ણય 'ક્લીન નોટ પોલિસી' હેઠળ લેવામાં આવ્યો છે. આટલી મોટી નોટ બંધ કરવાનો નિર્ણય આખરે પાંચ વર્ષમાં કેમ લેવો પડ્યો? જેને લઈને અનેક પ્રકારના સવાલો ઉઠી રહ્યા છે. બીજી તરફ વડાપ્રધાનના પૂર્વ મુખ્ય સચિવ નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યું હતું કે પીએમ મોદી ૨૦૦૦ની નોટ બિલકુલ લાવવા માંગતા ન હતા અને તેમને લાગતું હતું કે રોજિંદા વ્યવહારો અનુસાર આ યોગ્ય નથી. કોંગ્રેસે નૃપેન્દ્ર મિશ્રાના આ નિવેદન પર નારાજગી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે આ માત્ર ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે વડાપ્રધાનના પૂર્વ મુખ્ય સચિવ અને વરિષ્ઠ અધિકારી નૃપેન્દ્ર મિશ્રાના નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપી છે. જયરામ રમેશે ટ્વીટ કરીને લખ્યું કે વડાપ્રધાનના પૂર્વ ટોચના સહયોગી કહી રહ્યા છે કે સ્વયં ઘોષિત વિશ્વગુરુએ નવેમ્બર ૨૦૧૬માં જ ૨૦૦૦ની નોટનો વિરોધ કર્યો હતો. તેઓ આગળ કહેશે કે તેમના સલાહકારોએ તેમના પર નોટબંધી માટે પણ દબાણ કર્યું હતું. આ એક દયનીય ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ સિવાય બીજું કંઈ નથી.

આ અગાઉ રિઝર્વ બેંકે ૨૦૦૦ની નોટને ચલણમાંથી બહાર કાઢવા માટે નોટિફિકેશન બહાર પાડ્યું છે. જે અંતર્ગત ૨૩ મેથી ૩૦ સપ્ટેમ્બર સુધી બેંકોમાંથી ૨૦૦૦ રૂપિયાની નોટ બદલી શકાશે. એક સમયે વધુમાં વધુ ૧૦ નોટો એટલે કે માત્ર ૨૦ હજાર રૂપિયાની નોટ જ બદલી શકાશે. રિઝર્વ બેંકે કહ્યું કે ૨૦૧૮-૧૯માં જ બે હજારની નોટનું પ્રિન્ટિંગ બંધ કરી દેવામાં આવ્યું હતું. ભાજપના નેતાઓએ રિઝર્વ બેંકના આ નોટિફિકેશનને આવકાર્યું છે અને તેમનું કહેવું છે કે સામાન્ય લોકો પાસે બે હજારથી વધુની નોટ નથી અને હાલના દિવસોમાં ભ્રષ્ટાચાર સામેના મોટા ભાગના દરોડામાં બે હજાર રૂપિયાનું કાળું નાણું મળી આવ્યું છે. આ સાથે SBI બેંકે એક નોટિસ જાહેર કરીને કહ્યું છે કે ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવા માટે કોઈપણ ફોર્મ ભરવાની અને આઈડી પ્રૂફ બતાવવાની જરૂર રહેશે નહીં અને લોકો બેંકની શાખામાં જઈને સરળતાથી ૨૦૦૦ રૂપિયાની નોટ બદલી શકશે.

નિલગીરી મેદાનમાં ૨૬ અને ૨૭ મેના રોજ કાર્યક્રમ

સુરતમાં બે દિવસ બાગેશ્વર ધામના બાબાનો દિવ્ય દરબા [redacted]

કીર્તિદાન ગઢવી સહિતના કલાકારો દિવ્ય દર આયોજન માટે અલગ અલગ ૧૨ સમિ

સુરત, તા.૨૨

ગુજરાતના અલગ અલગ શહેરમાં બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાવાના છે. જેને લઈ રાજકોટ, અમદાવાદ બાદ હવે સુરતમાં પણ બાબાના કાર્યક્રમને લઈ પૂર જોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમના આયોજનને લઈ ધારાસભ્ય સંગીતા પાટીલ તેમજ આયોજક કિરણ પટેલનું નિવેદન સામે આવ્યું છે.

સુરતમાં બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાવાનો છે, ૨૬ અને ૨૭ મેના રોજ બાબાના દિવ્ય દરબારલે લઈ તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, જે કાર્યક્રમ અંગે ધારાસભ્ય સંગીતા પાટીલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, કીર્તિદાન ગઢવી સહિત અને કલાકારો દિવ્ય દરબારમાં આવશે તેમજ આયોજન માટે અલગ અલગ ૧૨ સમિતિઓ બનાવાઈ છે તેમજ અનેક લોકો આયોજનમાં જોડાયા છે. સંગીતા પાટીલે વધુમાં જણાવ્યું કે, જુદા જુદા ૫ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા હશે

દિવ્ય દરબારના આયોજક કિરણ પટેલનું નિવેદન સામે આવ્યું છે તેમણે કહ્યું કે, ધીરેન્દ્ર શાસ્ત્રીના દરબારમાં ૪ લાખ લોકો આવશે. તેમણે કહ્યું કે, સંપૂર્ણ કામ આયોજન સમિતિને સોંપલું છે તેમજ આ કાર્યક્રમ ભવ્ય થશે તેવી આશા પણ છે જે સુરતમાં આજ સુધી કાર્યક્રમ ન થયો હોય તેવો થશે.

૨૬ અને ૨૭ મેના રોજ સુરત ખાતે પણ બાબા બાગેશ્વરનો કાર્યક્રમ યોજવાનો છે. શહેરના

પૂર્વ સરપંચ સહિતનાં આગેવાનોએ યાદ વાગોળી

સા.કુંડલાનાં વીજપડી ગામને ૧૦૮ની સુવિધા વી.વી. વઘાસીયાનાં કારણે મળી

નિયમની બહાર જઈને સુવિધા અપાવી

અમરેલી, તા.૨૨

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે ગુજરાતભરમા સૌપ્રથમ ગ્રામપંચાયતને ૧૦૮ની સેવા ફાળવવા તત્કાલીન મુખ્યમંત્રી મોદીના કાર્યાલયમાથી આદેશ કરાવનાર સ્વ વી.વી વઘાસિયાને પૂર્વ સરપંચ, પૂર્વ ઉપસરપંચ ગામના અગ્રણીઓ તથા વિજપડી વિસ્તારના ગામડાઓ વઘાસિયાની ભરપેટ પ્રસંશા કરી રહ્યા છે અને જુની અનેક વિકાસગાથાઓ વાગોળી રહ્યાછે. પ્રાપ્ત માહિતી અનુસાર સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે તત્કાલીન સરપંચ યાકુબ રસભર્યાએ ૧૦૮ની માંગણી કરતા તત્કાલીન આરોગ્ય મંત્રી ડો.જય નારાયણ વ્યાસ તથા આરોગ્ય કમીશ્નર અમરજીક સિંઘે તાલુકા મથક સિવાય ૧૦૮ હાલ ફાળવવામા આવતી નથી તેવો પ્રત્યુત્તર મળતા જ તત્કાલીન જીલ્લા ભાજપ મહામંત્રી અને જીલ્લા પંચાયત કારોબારી ચેરમેન વી.વી વઘાસિયા દ્વારા તત્કાલીન મુખ્યમંત્રી મોદીને રજુઆત કરવામાં આવી કે ૧૫ કિ.મીની ત્રિજયામા ૪૨ ગામડાઓની જનતાને ૧૦૮ની સેવાનો લાભ મળે તેમજ સાવરકુંડલા તથા રાજુલાની ૧૦૮ની કામગીરી ઘટે તો દરેકને વહેલાસર સારવાર સેવા મળી શકે તે માટે વીજપડીને ૧૦૮ ફાળવવી જરૂરી છે. સ્વ.વી વી વઘાસિયાની ઘારદાર રજુઆત સંદર્ભે મુખ્યમંત્રી કાર્યાલયમાથી લેખિત આદેશ કરવામાં આવ્યો અને વીજપડી વિસ્તારને ૧૦૮ની સેવા પ્રાપ્ત થઈ અને તેવા અનેક સેવાકીય કાર્યો સ્વ. વઘાસિયાએ વિજપડી વિસ્તાર માટે કર્યા હતા. તેમ વીજપડીનાં પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

અમરેલીનાં પ્રોફેસરની 'ધ ગુરૂ ચેલા મોબાઈલ' એપ્લીકેશનને નેશનલ બાયોટેક એવોર્ડ એનાયત

અમરેલી, તા.૨૨

અમરેલીનાં ચિત્તલ રોડ ખાતે રહેતા અને હાલ ગાંધીનગરનાં પ્રોફેસરની 'ધ ગુરૂ ચેલા મોબાઈલ એપ્લીકેશન'ને નેશનલ બાયોટેક એવોર્ડ મળતા અમરેલી જિલ્લાનું નામ રોશન થયું છે. ડો.ધર્મેશ એન. અધ્યારૂ જે હાલ ગાંધીનગર ખાતે પ્રોફેસર તરીકે સેવા બજાવે છે. તેમણે વિદ્યાર્થીઓ માટે 'ધ ગુરૂ ચેલા મોબાઈલ એપ્લીકેશન' બનાવી હતી. આ એપ્લીકેશનનાં માધ્યમથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે છે. આ 'ધ ગુરૂ ચેલા મોબાઈલ એપ્લીકેશન' ક્રિષ્ના વિશ્વ વિદ્યાપીઠ પુના અને માઈક્રો બાયોલોજી સોસાયટી, ભારત દ્વારા યોજાયેલ બાયોમેક ઈન ઈ–ઈન્ડિયા વિષય અંતર્ગત યોજાયેલ નેશનલ કોન્ફરન્સમાં દેશમાંથી પધારેલ તજજ્ઞોની હાજરીમાં ' ધ ગુરૂ ચેલા મોબાઈલ એપ્લીકેશન' બનાવી શિક્ષણને નવી દિશા ચીંધવામાં સિંહફાળો આપવા બદલ નેશનલ બાયોટેક એવોર્ડ એનાયત થતા અમરેલી શહેર અને જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

મુંબઇ સ્થિત પારેખ પરિવારનાં સહયોગથી

વીજપડી : મોટા ખુંટવડા ખાતે રૂપિયા 3 કરોડનાં ખર્ચે કન્યા શાળા બનશે

સ્માર્ટ કલાસ સહિતની સુવિધાઓ ઉભી કરાશે

અમરેલી તા. ૨૨

વિજપડી નજીક આવેલા મોટા ખુંટવડા ગામે આગામી ૨૩મી તારીખે મુંબઈ સ્થિત નિલકમલવાળા પારેખ પરિવાર દ્વારા ૩ કરોડના ખર્ચે તૈયાર થનારી કન્યા શાળાનું ભૂમિપૂજન કરવામાં આવશે. અહીં અદ્યતન સુવિધા સાથે તૈયાર થયેલી શાળા સરકારને સોંપી દેવામાં આવશે.

મોટા ખુંટવડામાં વામનભાઈ વૃજલાલભાઈ પારેખ અને શરદભાઈ વૃજલાલભાઈ પારેખ દ્વારા પોતાના વતનમાં કમળાબેન વૃજલાલભાઈ પારેખ કન્યા શાળાનું નિર્માણ કરવામાં આવશે. આ પરિવાર દ્વારા ૪૦ વર્ષ અગાઉ માતા પ્રેમપુવરબેનના સ્મરણાર્થે શાળા બનાવી સરકારને સોંપાઈ હતી. ત્યાર બાદ આ શાળા જર્જરીત થઈ જતા જુની શાળા પાડી તેના સ્થાને નવી અદ્યતન શાળા બનાવાશે. જેનું ભૂમિપૂજન ૨૩મીએ કરાશે.

અહીં શાળામાં ૮ ઓરડા, પ્રાર્થના હોલ અને કમ્પાઉન્ડ હોલ સહિતનું નિર્માણ કરાશે. જેમાં સ્માર્ટ કલાસ, પ્રોજેકટર, ફાયર સેફટી, પાર્કીંગ, આર.ઓ. પ્લાન્ટ વિગેરેની સુવિધા ઉભી કરાશે.

અગાઉ પારેખ પરિવારે અહીંના બજરંગપરામાં ૪ કરોડના ખર્ચે પ્રભુદાસ રામજી પારેખ પ્રાથમિક શાળા બનાવી ૨૦૨૦માં સરકારને સોંપી હતી.

પાલીતાણા–દ્વારકા રૂટની બસનાં ચાલક સામે નારાજગી

દામનગર : ધામેલ ગામની 3 યુવતીઓએ ટિકિટ બુક કરાવી તો પણ બસ ઉભી ન રહી

ભાવનગરનાં વિભાગીય નિયામક કાર્યવાહી કરે તેવી માંગ

દામનગર, તા. ૨૨

ગુજરાત સરકારના નિગમ એવા ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમને મુસાફરો આરામ દાયક મુસાફરી કરી શકે એવા હેતુથી રાજય સરકાર આધુનિક સુવિધાઓથી સજજ બસ ફાળવી રહી છે. તે વિકાસ અને પ્રગતિમાં વધારો થઈ રહ્યો છે. જયારે અમુક ડિવિઝનના ડેપોના અમુક વ્યવસ્થાપકો અને તંત્રની તેમજ અમુક કર્મચારીઓની બેદરકારી અને મનસ્વી વર્તનને કારણે એસ.ટી.નિગમના છાપ ખરાબ થતી હોય છે. આવો એક બનાવ ભાવનગર વિભાગના પાલીતાણા ડેપોની સવારના ૫ વાગે ઉપાડતી પાલીતાણા – દ્વારકા વાયા ગારિયાધાર, ધામેલ, દામનગર, ઢસા, બાબરા, આટકોટ, રાજકોટ એકસપ્રેસ બસના ડ્રાઈવર–કંડકટરે ધામેલ ગામનાં ત્રણ વ્યકિતઓએ આ બસમાં તા.૧૪–૦૫–૨૩ના રોજ ધામેલથી રાજકોટ સુધીની ટિકિટનું રિઝર્વેશન કરાવેલ, પરંતુ કે કન્ડકટર અને ડ્રાયવરે ધામેલ ઊભી ન રાખી અને ઢાળમાં બેઠા પુલથી આગળ ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવેલ બસ સ્ટેન્ડ નજીક મુસાફરી કરનારના પિતા કે.બી.નીંબાર્કે આ બસને રોકાવી રિઝર્વેશન કરાવેલ છે એવું કહેતા એવો જવાબ આપેલ કે તમારે જેને કહેવું હોય તેને કયો અમારૂં કોઈ કાઈ કરી નહિ શકે. આવા જવાબથી ધામેલથી રાજકોટ સુધી મુસાફરી કરનાર ત્રણેય વ્યકિત(ત્રણેય યુવતી) રઝળી પડી હતી અને રોજકોટમાં સમયસર પહોંચી ન શકતા રિઝર્વેશન કરેલ હોવા છતાં, ડ્રાયવર–કન્ડકટરના આવા મનસ્વી વર્તનને કારણે ત્રણેય બહેનો પરેશાન થઈ ગઈ હતી. આ બાબતે ધામેલ ગામના આ ત્રણેય બહેનોના (મુસાફરી કરનાર) પિતાએ એક નિવેદનમાં જણાવેલ છે કે ભાવનગર ડિવિઝનના એસ.ટી.ના નિયામક અને પાલીતાણા ડેપોના મેનેજર આવું અયોગ્ય વર્તન કરનાર આ બસના ચાલક અને કન્ડકટર સામે તપાસ કરી ધામેલ ગામની આ ત્રણેય બહેનોને ન્યાય અપાવવા અને કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે.

સાવરકુંડલાની દીકરી તેજસ્વી બોરિસાગરએ ગૌરવ વધાર્યુ

के आखरी छोर पर बैठे हुए स्कूल के बच्चो को हम पढ़ा सकते हैं। हम सैटेलाइट व्यवस्था का उपयोग, इस आधुनिक विज्ञान का उपयोग, उन गरीब बच्चो की शिक्षा के लिए क्यों न करे ?
- Shri Narendra Modi
Prime Minister of India
Bhaskaracharya National Institute

સાવરકુંડલા, તા. ૨૨

ગુજરાત રાજય શિક્ષણ વિભાગના GIET(ગુજરાત ઈન્સ્ટિટયૂટ ઓફ એજયુકેશનલ ટેકનોલોજી) દ્વારા સમગ્ર રાજયના બાળકો માટે ગ્રિષ્મોત્સવ ૨૦૨૩નો શુભારંભ કરવામાં આવ્યો. જેમાં રાજયકક્ષાએથી રસપ્રદ આનંદદાયક વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે ગીત સંગીત અભિનય ગીત રમત ગમત ચિત્ર આર્ટ ક્રાફટ મનોરંજન વગેરે પ્રવૃત્તિઓ સમગ્ર રાજયમાં વંદે ગુજરાત ૧ ચેનલ પરથી દરરોજ બપોરે ૧૨:૦૦ કલાકે તેમ જ પુનઃ પ્રસારણ સાંજે પાંચ કલાકે કરવાનો શુભારંભ કરવામાં આવ્યો જેમાં તારીખ ૨૧ મેના પ્રથમ દિવસે નિયામક રાવલના પ્રેરક પ્રવચન બાદ સાવરકુંડલાના ગૌરવ દીકરી તેજસ્વી ચંદ્રેશભાઇ બોરીસાગરના એકશન સોંગથી રસપ્રદ અને આનંદદાયી રીતે શરૂઆત કરવામાં આવી. દીકરી તેજસ્વી બોરીસાગરને ગત વર્ષે ગ્રીષ્મોત્સવ અંતર્ગત અભિનય ગીત સ્પર્ધામાં સમગ્ર રાજય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજયના શિક્ષણ મંત્રી દ્વારા સન્માનિત કરવામાં આવેલી. આ વર્ષે ગ્રીષ્મોત્સવ ૨૦૨૩ કાર્યક્રમનો શુભારંભ નિયામકના પ્રવચન બાદ તેજસ્વીના એકશન સોંગથી કરવામાં આવ્યો. માત્ર નવ વર્ષની ઉંમરે તેજસ્વી બોરીસાગર ઈશ્વર કૃપા અને વડીલોના આશીર્વાદ સહ પોતાની કલા, આવડત અને આત્મવિસથી સમગ્ર રાજયના બાળકો શિક્ષકો અને વાલીગણ સુધી ટીવી તેમજ અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મના માધ્યમથી ગ્રીષ્મોત્સવ કાર્યક્રમ થકી પહોંચી શકવાની ભવ્ય સિદ્ધિ હાસિલ કરી ગુજરાત રાજય કક્ષાએ શિક્ષણક્ષેત્રે સાવરકુંડલા શહેર તાલુકા અને અમરેલી જિલ્લાનું નામ પસંદ કરેલ છે. આ સીધી બદલ ચારે દિશાઓમાંથી દીકરી તેજસ્વી પર અભિનંદન અને આશીર્વાદની વર્ષા થઈ રહી છે.

અમરેલી પાલીકાનાં વિપક્ષી નેતા સમીર કુરેશીનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાના યુવા રાજકારણમાં એક આગવી પ્રતિભા અને તેજસ્વીતા પ્રાપ્ત કરનાર સમીર કુરેશીનો આજે જન્મ દિવસ છે. પોતાના અભ્યાસની સાથે તેમણે વિદ્યાર્થીઓ ના પ્રશ્નોને વાચા આપવાનું શરૂ કર્યુ. અનેક આંદોલનો અને રજુઆત તેમની આગવી ઓળખ બનતી ગઈ, આ ઓળખે એમને લોકો માટે જે કોઈ પણ પ્રશ્ન હોય તેમના નિરાકરણ કરવામાં સિદ્ધિ હાંસલ કરી. સમીર કુરેશીની પ્રસિદ્ધિ છાશવારે એમના સોશિયલ મીડિયાના હેન્ડલ પર પણ જોવા મળતી આવે છે. કોઈ આફત હોય કે કોઈ આકસ્મિક ઘટના હંમેશા ઘટનાના સાક્ષી બની અને શકય એટલી મદદ કરી માનવતાની મહેક ફેલાવનાર આ વ્યકિત આજે કોંગ્રેસ પક્ષના સૌથી કુશળતા સાથે વટ, ચીવટ અને ફાવટ ધરાવતા આ યુવા નેતા જિલ્લા કોંગ્રેસ સહિત ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નેતાઓ સાથે ખૂબ મોટો ઘરોબો ધરાવે છે. ત્યારે અમરેલી નગરપાલિકામાં પણ વિપક્ષી નેતાની ફરજ અદા કરે છે. સતત પ્રયત્નશીલ રહેનાર યુવા સમીર કુરેશીને લોકો મુખે નેતાજીના હુલામણા નામની ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. ત્યારે આજે તેમના મોબાઈલ નંબર ૯૪૨૮૬ ૧૬૭૮૫ ઉપર જન્મદિવસની શુભકામના મળી રહી છે.

સાવરકુંડલા પત્રકાર સંગઠનની રચના કરવામાં આવી



સાવરકુંડલા. તા. ૨૨

સાવરકુંડલા પત્રકાર સંગઠનની ટીમ પ્રમુખ ઈકબાલભાઈ ગોરી અને અધ્યક્ષ પ્રતાપભાઈ ખુમાણ દ્વારા સર્વાનુમતે જાહેર કરવામાં આવી. સાવરકુંડલા શિવાજીનગર મુકામે સનરાઈઝ સ્કૂલ ખાતે સાવરકુંડલા પત્રકાર સંઘની મીટીંગ બોલાવવામાં આવી હતી. જેમાં નીચે પ્રમાણે હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી.

નજીકનાં ભવિષ્યમાં પત્રકાર સંઘ દ્વારા આ વિસ્તારમાં જુદી જુદી સેવાકીય પ્રવૃતિ કરતા સમાજસેવકોને જાહેરમાં સન્માનવાનો એક કાર્યક્રમ આ પત્રકાર સંઘનાં નેતૃત્વ નીચે યોજવામાં આવશે.

અધ્યક્ષ – પ્રતાપભાઈ ખુમાણ (પ્રિન્ટ મીડિયા), પ્રમુખ – ઈકબાલભાઈ ગોરી(પ્રિન્ટ મીડિયા), ઉપપ્રમુખ – બીપીનભાઈ પાંધી(સોશ્યલ મીડિયા), ઉપપ્રમુખ – દિલીપભાઈ જીરૂકા(ટી.વી+પ્રિન્ટ મીડિયા), ઉપપ્રમુખ – કેતનભાઈ બગડા(ટીવી. મીડિયા), મહામંત્રી – દીપકભાઈ પાંધી (પ્રિન્ટ મીડિયા), મહામંત્રી – હરેશભાઈ ખુમાણ(ટીવી. મીડિયા), મહામંત્રી – નાસીરભાઈ ચૌહાણ(પ્રિન્ટ મીડિયા), ખજાનચી – સુભાષભાઈ સોલંકી(ટીવી. મીડિયા), સંગઠનમંત્રી–જીજ્ઞેશ ગળથીયા(ટીવી. મીડિયા), મંત્રી – ઈદ્રીશ જાદવ (પ્રિન્ટ મીડિયા), સહમંત્રી – સોહિલ શેખ (પ્રિન્ટ મીડિયા)ની નિમણુંક કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લા ટેલિવિઝન ન્યુઝ ચેનલ ખાસ આમંત્રિત અનુભવી માર્ગદર્શક

મહેન્દ્રભાઈ બગડા, સૂર્યકાંતભાઈ ચૌહાણ, ફારૂકભાઈ કાદરી, સભ્ય–યોગેશભાઈ ઉનડકટ(સોશ્યલ મીડિયા), સભ્ય–રવિન્દ્રભાઈ યાદવ (સોશ્યલ મીડિયા), સભ્ય – યશપાલભાઈ વ્યાસ (પ્રિન્ટ મીડિયા), સભ્ય–નિકુંજભાઈ મહેતા (સોશ્યલ મીડિયા), સભ્ય – પ્રિયંકભાઈ પાંધી (સોશ્યલ મીડિયા), સભ્ય – રાહુલભાઈ બગડા (ટીવી. મીડિયા), સભ્ય – કેયુરભાઈ વ્યાસ (સોશ્યલ મીડિયા), સભ્ય–અશરફભાઈ કુરેશી(સોશ્યલ મીડિયા), સભ્ય – અકમ કુરેશી (પ્રિન્ટ મીડિયા).

ચલાલા પાલિકાનાં પુર્વ પ્રમુખ ગીતાબેન કારીયા દ્વારા

દેવરાજીયા ગામને નંદનવન બનાવવા બદલ કૌશિક વેકરિયાનું થયું સન્માન

સ્વ.કેશુભાઈ પટેલનાં સ્વપ્નને સાકાર કરાયું

ચલાલા, તા.૨૨

અમરેલી તાલુકાનું દેવરાજીયા ગામને સાચા અર્થમાં ગોકળીયું સુવિધાપન ગામ બનાવવા બદલ ગુજરાત વિધાન સભાનાં મુખ્ય નાયબ દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનું ચલાલા નગરપાલિકાનાં પુર્વ પ્રમુખ ગીતાબેન કારીયા અને પ્રકાશભાઈ કારીયા ફુલહાર અને શાલથી અદકેરૂ સન્માન કરી તેઓને આવકારી ધન્યવાદ પાઠવ્યા હતા. આ તકે ગીતાબેન કારીયાએ જણાવેલ હતું.

પુર્વ મુખ્ય મંત્રી સ્વ.કેશુભાઈ પટેલ કહેતા હતા કે ગામડું ગોકુળયુ સુવિધાયુકત બનાવવું જોઈએ ગામડાનાં લોકોને પીવાનું પાણી લાઈટ, રસ્તા, સફાઈ, સલામતી સહીતની ઉત્તમ પ્રકારની સુવિધા જાળવી જોઈએ તે રીતે જે પ્રયત્ન કરે છે. તેમનાં માટે કંઈજ અશકય નથી અને ઈચ્છા શકિત હોય તો કોઈ કામ અશકય નથી તે મુજબ કૌશિકભાઈ વેકરીયાએ પોતાનું વતન અને દેવરાજીયાના સરપંચ અને ધારાસ સભા તરીકે દેવરાજીયાને સાચા અર્થમાં ગોકળીયું સમપુર્ણ સુવિધા યુકત ગામ બનાવ્યું છે. જુદા–જુદા ૨૮ પ્રકારની ઉત્તમ સગવડતા ઉભી કરાઈ છે. જુદા – જુદા રાષ્ટ્ર ભકતોની પ્રતિમા, બગીચા વોટર ફીલ્ટર, લાઈબ્રેલી, બાલવાટીકા ઉત્તમ પ્રકારની શાળા, રોડ, રસ્તા, સુવિધા યુકત બસ્ટેન્ડ સહિતની ઉમદા સુવિધા ઉભી કરેલ છે. ગુજરાતમાં નમુનારૂપ ગામ બનાવવા માટે તમામ દાતાઓ, સરપંચ, શ્રીમતી સગુણાબેન વેકરીયા અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને ખુબ ખુબ અભિનંદન સહ સૌ સૌ સલામ કરીએ છીએ.

રેન્જ આઈજી ગૌતમ પરમારનાં અધ્યક્ષ સ્થાને

અમરેલી ખાતે પોલીસ પરિવાર દ્વારા લોકદરબાર યોજાઈ ગયો

નાયબ દંડક કૌશિક વેકરિયા પણ ઉપસ્થિત રહ્યાં

અમરેલી, તા. ૨૨

ભાવનગર રેન્જ આઈ.જી.પી.ગૌતમ પરમારના અધ્યક્ષ સ્થાને અમરેલીમાં લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. દરબારમાં દરેક સમાજના લોકો દ્વારા પડતી હાલાકી વિશે રજૂઆતો કરાઈ હતી અને આઈ.જી.ગૌતમ પરમાર દ્વારા પણ અમરેલી જિલ્લા પોલીસને તે રજૂઆતો માટે યોગ્ય કરવા સૂચન સ્થળ ઉપર જ કરી દેવામાં આવ્યું હતું.

અમરેલી એસ.પી. હિમકરસિંહ દ્વારા પણ લોકોને સાથે રહી કામ કરવા જણાવ્યું હતું. અમરેલી પોલીસ દ્વારા ડીટેક કરવામાં આવેલા ગુન્હાઓની જાણકારી આપતા જણાવ્યું હતું કે કોઈ પણ પ્રશ્ન કે મુંજવણ હોય તે પોલીસને બે જીજક બતાઓ ડરવાની જરૂર નથી પોલીસ તમને ચોક્કસ મદદ કરશે !

રાજયના ઉપમુખ્ય દંડક કૌશિક વેકરિયાએ અમરેલી પોલીસ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની સરાહના કરી હતી અને કહ્યું હતું કે ગુજરાતમાં વ્યાજંકવાદીઓ માટે સૌથી વધારે લોક દરબાર અમરેલીમાં યોજાયા હતા અને લોકોને વ્યાજંકવાદીઓના ત્રાસથી આઝાદ કરવામાં આવ્યા હતા. તો આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. જી.જે ગજેરાએ લવ જેહાદ જેવી ઘટનાઓ ઉપર વધારે અંકુશ આવે તેવા પ્રયાસો કરવા સૂચન કર્યુ હતું. અંતમાં ડી.વાય.એસ.પી. જે.પી. ભંડારી દ્વારા સમગ્ર પ્રશ્નોનો ઉકેલ લાવવા ખાતરી આપી આભાર વિધિ કરી કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.

જિલ્લા કોગ્રેસ સમિતિ કાર્યાલય ખાતે

અમરેલી ખાતે સ્વ. રાજીવગાંધીને પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

જિલ્લા પ્રમુખ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ - અમરેલી.
અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ - અમરેલી.

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્વ.રાજીવ ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરવાંના કાર્યક્રમનું આયોજન જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમ માં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે.રૈયાણી, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, અર્જુનભાઈ સોસા, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી, જનકભાઈ પંડયા, જગદીશ તલાવિયા, જિલ્લા કોંગ્રેસ મંત્રી જગદીશ પાનસુરીયા, શહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપ પંડયા, કોંગ્રેસ અગ્રણી નરેશભાઈ અધ્યારૂ, કે.કે.વાળા, પરવેઝ ચૌહાણ, જિલ્લાઓ.બી.સી.સેલના પ્રમુખ રમેશભાઈ ગોહિલ સહિતના કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

બાબરામાં સમસ્ત ગરિયાળા સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા સમૂહલગ્નોત્સવ યોજાયો

બાબરામાં સમસ્ત ગરિયાળા સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા અહીં ડોલી વોટર પાર્ક ખાતે ભવ્ય સમૂહ લગ્નનું આયોજન સમસ્ત ગળીયારા મુસ્લિમ સમાજ સમૂહલગ્ન કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં નવ જેટલા નવ યુગલોએ સમુહશાદીમાં જોડાયા હતા. કાજીઓ દ્વારા સમૂહ નિકાહ પઢવામાં આવ્યાં હતા અને ઉપસ્થિત સમાજ અગ્રણીઓ દ્વારા આશીર્વાદ પાઠવવામાં આવ્યાં હતા. અહીં સમૂહલગ્નમાં દાન આપનાર વિવિધ દાતાઓનું પણ ભવ્ય સન્માન સમૂહલગ્ન કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. **તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા**

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૩૦૦	૧૪૫૦
૨	ચણા	૮૭૦	૯૧૫
૩	જુવાર	૭૨૧	૭૨૧
૪	તલ સફેદ	૨૫૬૫	૨૬૭૦
૫	તલ કાળા	૨૭૦૧	૨૭૦૧
૬	વટાણા	૬૦૦	૬૨૫
૭	મગફળી	૧૧૫૧	૧૩૦૧
૮	એરંડા	૧૦૦૦	૧૦૦૦

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૦૭૦	૧૫૦૦
૨	મગફળી	૧૦૦૫	૧૩૬૧
૩	ઘઉં	૩૪૨	૪૩૧
૪	ચણા	૯૦૩	૯૦૩
૫	તુવેર	૧૬૩૧	૧૭૦૦
૬	ધાણા	૧૧૦૧	૧૧૫૦
૭	તલ સફેદ	૨૫૮૦	૨૬૬૬
૮	અડદ	૧૦૦૦	૧૫૫૦
૯	મગ	૧૬૦૦	૧૬૦૦
૧૦	જુવાર	૩૭૫	૩૭૫
૧૧	બાજરો	૪૫૦	૪૫૦
૧૨	જીરૂ	૨૯૫૦	૨૯૫૦
૧૩	શીંગ દાણા	૧૫૦૦	૧૭૫૦

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૯૦૦	૧૩૮૬
૨	શિંગ મઠડી નવી	૧૨૪૫	૧૫૩૦
૩	શિંગ મોટી	૮૨૦	૧૪૫૪
૪	શિંગદાણા	૧૦૦૫	૧૮૮૫
૫	શિંગદાણા ફાડા	૧૫૦૦	૧૮૭૦
૬	તલ સફેદ	૧૪૦૦	૨૮૭૦
૭	તલ કાળા	૧૯૮૦	૨૮૬૦
૮	તલ કાશ્મીરી	૨૩૯૦	૨૯૫૮
૯	બાજરો	૩૨૦	૪૨૨
૧૦	જુવાર	૪૦૦	૯૧૬
૧૧	ઘંઉ ટુકડા	૪૦૫	૬૦૮
૧૨	ઘઉં લોકવન	૪૦૦	૪૭૫
૧૩	મગ	૮૦૦	૧૭૩૫
૧૪	ચણા	૭૫૧	૯૩૯
૧૫	ચણા દેશી	૯૨૦	૧૦૪૮
૧૬	તુવેર	૧૧૫૫	૧૬૭૧
૧૭	કપાસ	૧૦૪૦	૧૫૧૩
૧૮	એરંડા	૭૦૦	૧૧૩૩
૧૯	જીરૂ	૨૦૦૦	૭૬૮૦
૨૦	રાય	૯૮૦	૧૦૯૦
૨૧	ધાણા	૮૦૦	૧૨૬૮
૨૨	ધાણી	૯૩૦	૧૨૮૨
૨૩	મેથી	૯૧૦	૧૨૦૦
૨૪	સોયાબીન	૮૧૦	૯૩૬

જનતા જનાર્દનનાં હિતની કોઈને ચિંતા નથી

ગીરગઢડાનાં સેવાસદનમાં પાણીનો વેડફાટ ઠેકઠેકાણે ગંદકી : સ્વચ્છતા અભિયાન શરૂ

તગડો પગાર વસુલતા કર્મચારીઓને કોઈ ડર નથી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૨

ગીરગઢડા તાલુકાના સેવા સદનમાં ઠેર ઠેર ગંદકી અને શૌચાલય પાણીનો વેડફાટ જોવા મળ્યો હતો. અગાઉ પણ અનેક સમાચાર પત્રમાં ફાયર સેફટીના સાધનોમાં એકસપાયર થયેલ હતી.

જેમાં ૨ વર્ષ પૂર્વે અવધિ પૂરી થઈ ગઈ હોવા છતાં આ ફાયર સેફટીની બોટલો બદલવાની તસ્દી કોઈ અધિકારીએ લીધી નથી. આ અંગે અનેક વખત સમાચાર પત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થયેલ હોવા છતાં પણ કોઈ અધિકારીઓના પેટનું પાણી હલતું નથી અને ફાયર સેફટીના સાધનો બદલાવવાની કે સફાઈ અંગેની તકેદારી લેવામાં આવતી નથી તેમજ તાલુકા સેવા સદનમાં ઠેર ઠેર ગંદકી અધિકારીઓની ઓફિસની બારીઓ પાસે જ ધુમ્રપાનની પિચકારીઓ, શ્વાનરાજ તેમજ અનેક જગ્યાએ મધપૂડા ખદબદી રહ્યાં છે અને પીવાના પાણીના પરબ પણ બંધ હાલતમાં જોવા મળી રહ્યાં છે અને મિનરલ વોટર પ્લાન્ટ પણ તૂટેલી હાલતમાં હોય ત્યારે આ તાલુકા સેવા સદનમાં પ્રજાનાં પૈસે બનાવવામાં આવેલ ઈમારતને વ્યવસ્તા જાળવણીનાં નામે મીંડું સાબિત કરે છે.

ગીર ગઢડા તાલુકા સેવા સદનમાં તાલુકા ભરનાં ૪૮ ગામના અનેક અરજદારો આવી કામ અર્થે આવતા હોય ત્યારે તેમને પ્રાથમિક સગવડતાનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. શું અહીં કામદારોની અછત સર્જાઈ રહી છે કે કામદારોની આળસ ? ત્યારે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ કચેરીની તટસ્થ તપાસ કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓને જરૂરી સુચના કરવામાં આવે અને તેનું કડકાઈથી પાલન કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

પાના ૮ ઉપરનું ચાલું

યુવકનું ડૂબી જવાથી મોત

જુનેશભાઈ રૂસ્તમભાઈ બેલીમ (ઉં.વ. ૧૭) રહે. સાવરકુંડલાના મૃતદેહની ભાળ મેળવી લીધી તથા આ બોડીને પોસ્ટમોર્ટમ અર્થે ધારી પોલીસને સોંપવામાં આવી હતી. આ કામગીરીમાં ફાયર ફાયટર સ્ટાફના પ્રવીણભાઈ ચૌહાણ, સવજીભાઈ ડાભી, કૃષ્ણભાઈ ઓળકિયા, સિધ્ધરાજસિંહ ગોહિલ તથા ધવલ જોટાણીયા જોડાયા હતાં.

પાના ૮ ઉપરનું ચાલું

જનતા જનાર્દનને વીજબીલ

ગરીબો, મહિલાઓ, ખેડૂતો, શ્રમિકોને વિશેષ સહાય કરી રહી છે. ગુજરાતમાં પણ ૩ થી ૪ કરોડ જનસંખ્યા ગરીબી રેખા નીચે જીવન પસાર કરેલ છે તો તેને ઘરેલું વીજબીલમાં માફી, રૂપિયા ૫૦૦માં ગેસ સીલીન્ડર, બેરોજગાર યુવાનોને બેરોજગારી ભથ્થુ, મહિલાઓને એસ.ટી. બસમાં રાહત, ખેડૂતોની દેવા માફી, શ્રમિકો માટે અન્નપૂર્ણા યોજનાં ચલાવીને સરકારે કારમી મોંઘવારીમાં રાહત આપવી જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

નામ બદલાવેલ છે

મેં દસ્તાવેજ મુજબ
મારૂ જુનું નામ
પુનમ હિતેન્દ્ર રાયઠઠા
માંથી નવું નામ
રાયઠઠા પુનમબેન હિતેન્દ્રભાઈ
માં બદલી નાખ્યું છે.

સરનામું : W/O. રાયઠઠા હિતેન્દ્રભાઈ
"આશિષ", [illegible] સોસાયટી, પાવર હાઉસ,
[illegible] રોડ, મુ. બાબરા. જી. અમરેલી. (ગુજરાત)-[illegible]

અમદાવાદનાં વટવા વિસ્તારમાં શીતલ કુલ પાર્લરનો પ્રારંભ

Sheetal
COOL
PARLOUR

અમરેલી, તા. ૨૨

તા. ૨૨/૫/૨૩એ અમદાવાદનાં વટવા વિસ્તારમાં શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્ઘાટન સંપન્ન થયું હતું. ફ્રેન્ચાઈઝી ઓનર અલોકભાઈએ રીબીન કાપી પાર્લરનું ઉદ્ઘાટન કર્યુ હતું. આ તકે શીતલ આઈસ્ક્રીમનાં ડિસ્ટ્રીબ્યુટર કેતનભાઈ, એરીયા સેલ્સ મેનેજર ભરતભાઈ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહયા હતા. તેવું શીતલનાં ફ્રેન્ચાઈઝી હેડ નીરજભાઈ ત્રિવેદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલીમાં આજે નહી આવતીકાલથી

સ્ટાફ, ફાયર ફાયટર, જેસીબી સહિતનાં વાહનો સાથે શહેરમાં ફર્યો હતા. જયારે આવતી કાલ તા. ૨૩–૨૪નાં રોજ દબાણ હટાવની કામગીરી હાથ ધરવામાં આવશે અને જો બે દિવસમાં કામગીરી પૂર્ણ ન થાય તો દબાણ હટાવનાં દિવસો વધારી દેવામાં આવશે તેમ પાલિકાનાં ટાઉન અધિકારી રાડીયાએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાલિકા ધ્વારા ૩ ટીમ બનાવવામાં આવેલ છે જે શહેરમાં અલગ અલગ સ્થળો ઉપર નિયત તારીખે દબાણ હટાવ ઝૂંબેશ કામગીરી હાથ ધરશે.

સંકુલ UG-PG મહિલા કોલેજ - હોસ્ટેલ વાર્ષિક ફી

★ આર્ટસ કોલેજ GM	૧૨૪૦૦	★ M.Com કોલેજ EM-GM	૧૬૨૦૦
★ કોમર્સ કોલેજ EM-GM	૧૬૨૦૦	★ M.Sc. માઈક્રો - BT - BC	૪૦૦૦૦
★ સાયંસ એપ્લાઈડ – બેઝીક	૨૩૪૦૦	★ M.Sc. કેમેસ્ટ્રી EM	૪૦૦૦૦
★ BCA કોલેજ EM	૨૩૪૦૦	★ ધો. ૬ થી ૮ હોસ્ટેલ	૨૧૨૦૦
★ BBA કોલેજ EM	૧૭૬૦૦	★ ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ	૨૩૮૦૦
★ MA કોલેજ GM	૧૬૨૦૦	★ FY થી PG હોસ્ટેલ	૨૫૪૦૦

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, [illegible] રોડ, અમરેલી ★ ફોન:[illegible] થી [illegible] Ad 031

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ નવી ઉનાળુ	૧૨૧૧	૧૪૫૫
૨	શીંગ જીણી	૧૧૩૩	૧૪૨૫
૩	શીંગ મોટી	૧૦૫૭	૧૪૪૧
૪	તલ પીળા	૨૬૦૦	૨૮૯૦
૫	તલ સફેદ	૨૫૫૦	૨૭૪૧
૬	તલ કાળા	૨૫૦૦	૨૮૯૧
૭	જીરૂ	૮૦૦૦	૮૫૦૦
૮	કપાસ	૧૨૦૦	૧૪૭૧
૯	ઘઉં લોકવન	૪૦૦	૪૮૧
૧૦	ઘઉં ટુકડા	૪૨૫	૫૨૦
૧૧	બાજરો	૩૫૦	૪૬૩
૧૨	જુવાર	૪૫૦	૯૨૩
૧૩	મકાઈ	૪૨૮	–
૧૪	મગ	૧૫૫૦	૧૭૩૬
૧૫	અડદ	૧૨૫૦	૧૭૫૧
૧૬	ચણા	૮૯૦	૯૬૫
૧૭	તુવેર	૧૪૦૦	૧૬૫૦
૧૮	એરંડી	૧૦૫૦	૧૧૬૭
૧૯	મેથી	૧૦૦૦	૧૧૭૧
૨૦	રાય	૯૦૦	૧૦૪૦
૨૧	ધાણા	૧૦૦૦	૧૧૭૬
	સોયાબીન	૮૬૫	૯૩૫

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૩૮૦	૧૪૭૫
૨	મગફળી	૧૨૫૧	૧૩૫૯
૩	તલ સફેદ	૨૪૮૫	૨૬૭૫
૪	ઘઉં	૪૧૮	૪૬૨
૫	ચણા	૮૪૫	૯૮૫
૬	તુવેર	૧૧૨૦	૧૪૮૦

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	બાજરો	૩૭૦	૪૭૬
૨	જુવાર	૪૦૦	૯૫૧
૩	ઘઉં ટુકડા	૩૮૧	૫૫૧
૪	મગ	૧૫૪૧	૧૬૫૩
૫	મેથી	૧૧૮૧	૧૧૮૧
૬	ચણા	૫૦૦	૯૧૩
૭	રાય	૯૦૦	૧૦૦૦
૮	શીંગ	૧૦૬૦	૧૫૨૬
૯	તલ સફેદ	૨૧૦૦	૨૬૭૪
૧૦	તલ કાળા	૨૨૦૦	૨૬૦૧
૧૧	એરંડી	૯૦૦	૯૦૦
૧૨	કપાસ	૯૦૦	૧૪૯૩

અસલ દસ્તાવેજ ખોવાયા અંગેની જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **અંટાળેશ્વર ફાર્મર પ્રોડયુસર કંપની લી. મોટા લીલીયાનાં ચેરમેન હસમુખભાઈ રવજીભાઈ હપાણી** રહે. મોટા લીલીયા, તા. લીલીયાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

પુંજાપાદર, તા. લીલીયા
રે. સર્વે.નં. ૧ પૈકી
બીનખેતી પ્લોટ નં. ૧૯, ૨૦, ૨૧નાં જેના કુલ ચો.મી. ૧૫૩૮–૫૭
રજી. દસ્તાવેજ નં. ૬૨૩ તારીખ : ૧૪/૧૨/૨૦૨૨

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ જયાબેન ભીખુભાઈ ધાનાણી પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જયાબેન ભીખુભાઈ ધાનાણીએ ઉપરોકત મિલ્કત ધીરૂભાઈ લવજીભાઈ વાઘાણી રહે. ઈંગોરાળા (જાગાણી) વાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૯૦ તા. ૧૫/૦૨/૨૦૧૧નાં રોજ ખરીદ કરેલ છે. (૧) ધીરૂભાઈ લવજીભાઈ વાઘાણી (૨) હરદાસભાઈ લાલજીભાઈ મુલાણીએ ઉપરોકત મિલ્કત વાઘજીભાઈ પાતાભાઈ સોરઠીયાનાં કુલમુખત્યાર કરશનભાઈ વલ્લભભાઈ ભુવા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૨૫૧૨ તા. ૨૪/૧૦/૧૯૯૬નાં રોજ ખરીદ કરેલ અને હરદાસભાઈ લાલજીભાઈ મુલાણીએ પરસ્પર સંમતિથી તેમનો હકક જતો કરતા ગામ નમૂના નં. ૨ અનુક્રમ નં. ૬૯ પર ઉપરોકત મિલ્કત ધીરૂભાઈ લવજીભાઈ વાઘાણીનાં સ્વતંત્ર નામે આવેલ છે. સદરહું ધીરૂભાઈ લવજીભાઈ વાઘાણી અને હરદાસભાઈ લાલજીભાઈ મુલાણીએ વાઘજીભાઈ પાતાભાઈ સોરઠીયાનાં કુલમુખત્યાર કરશનભાઈ વલ્લભભાઈ ભુવા પાસેથી ખરીદ કર્યા અંગેનો અસલ રજી. દસ્તાવેજ નં. ૨૫૧૨ તા. ૨૪/૧૦/૧૯૯૬નાં અસલ દસ્તાવેજ અને કુલમુખત્યારનામું તા. ૧૧/૦૪/૨૦૨૩નાં રોજ અમારા અસીલ પાસેથી ખોવાઈ ગયા અંગેનો લીલીયા પોલીસ સ્ટેશનનો તા. ૧૭/૦૪/૨૦૨૩નો દાખલ અમારી સમક્ષ રજુ કરેલ હોય અને ખોવાઈ ગયેલ દસ્તાવેજ નં. ૨૫૧૨ તા. ૨૪/૧૦/૧૯૯૬ની સર્ટીફાઈડ નકલ રજુ કરી સદરહું મિલ્કત અંગે ટાઈટલ કલીયર રિપોર્ટ માંગેલ હોય. ઉપરોકત મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક–હિત, હિસ્સો, લિયન, ચાર્જ, ગીરો, બોજો, ટાઈટલ, અગ્રહકક, સરકારી કે અર્ધ સરકારી બેંક, પ્રાઈવેટ પેઢી, ફાયનાન્સ કે કોઈ અન્ય વ્યકિતનો કોઈપણ જાતનો બોજો હોય કે વાંધા તકરાર હોય તો દિન–૫ (પાંચ) અમોને લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઈનાં વાંધા તકરાર કે હકક, હિસ્સો નથી કે કોઈ ચાર્જ નોધવામાં આવેલ નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ જોગ ટાઈટલ કલીયર રીપોર્ટ, એન.ઓ.સી. આપવામાં આવશે. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ : ૨૨/૦૫/૨૦૨૩
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

કે.વી. કેશરીયા
એડવોકેટ

પબ્લીક નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે અમરેલી જીલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે બળેલપીપરીયા ગામનાં ખેડ ખાતા નં. ૪૭૦, રે.સ.નં. ૧૭૩ પૈકી ૨, હે.આ.ચો.મી. ૦–૭૬–૮૯ ખેતીની જમીન **સોરઠીયા ડાયાભાઈ ઠાકરશીભાઈ** પાસે થી અમારા અસીલ **શ્રી બાબુભાઈ મોહનભાઈ ઢુંમર** રે. રાજકોટ વાળા સદરહું મિલકત બિનશરતી અઘાટ વેચાણથી ખરીદવા માંગે છે.

સબબ સદરહું મિલકત સામે કોઈ પણ વાંધા–તકરાર હોય કે આ મિલકતમાં સહકારી / અર્ધસહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈ પણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહકક કે બાનાખત, કબ્જો વિ. હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં દિન–૭ માં સંપુર્ણ આધારા પુરાવા સાથે મારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. તેમાં કસૂર થયે સહકારી / અર્ધસહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહકક કે બાનાખત, કબ્જો વિ. કે કોઈપણ પ્રકારનો વાંધો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું ગણી મારા અસીલ અવેજની રકમ ચૂકવીને વેચાણ દસ્તાવેજ રજી. કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને સુધ્ધ બુધ્ધીનાં ખરીદનાર તરીકે કોઈપણ વાંધા તકરાર બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વાળગતા સર્વે એ નોંધ લેવી.

સરનામુ : નાગનાથ કોમ્પ્લેક્ષ, પહેલો
માળ, મું.બાબરા, જી.અમરેલી
(ગુજરાત) મો. 96243 30530

કીરીટભાઈ એલ. પરવાડીયા
(એડવોકેટ)

પબ્લીક નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે અમરેલી જીલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે બળેલપીપરીયા ગામનાં ખેડ ખાતા નં. ૭૧, રે.સ.નં. ૧૭૩ પૈકી ૧, હે.આ.ચો.મી. ૦–૭૭–૯૦ ખેતીની જમીન **સોરઠીયા જયસુખભાઈ જીવરાજભાઈ** પાસેથી અમારા અસીલ **શ્રી બટુકભાઈ રુડાભાઈ પાનસુરિયા** રે. રાજકોટ વાળા સદરહું મિલકત બિનશરતી અઘાટ વેચાણથી ખરીદવા માંગે છે.

સબબ સદરહું મિલકત સામે કોઈપણ વાંધા–તકરાર હોય કે આ મિલકતમાં સહકારી / અર્ધસહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈ પણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો,ગીરો, બોજો, અગ્રહકક કે બાનાખત, કબ્જો વિ. હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં દિન–૭ માં સંપુર્ણ આધારા પુરાવા સાથે મારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. તેમાં કસૂર થયે સહકારી / અર્ધસહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહકક કે બાનાખત, કબ્જો વિ. કે કોઈપણ પ્રકારનો વાંધો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું ગણી મારા અસીલ અવેજની રકમ ચૂકવીને વેચાણ દસ્તાવેજ રજી. કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને સુધ્ધ બુધ્ધીનાં ખરીદનાર તરીકે કોઈપણ વાંધા તકરાર બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વાળગતા સર્વે એ નોંધ લેવી.

સરનામુ : નાગનાથ કોમ્પ્લેક્ષ, પહેલો
માળ, મું.બાબરા, જી.અમરેલી
(ગુજરાત) મો. 96243 30530

કીરીટભાઈ એલ. પરવાડીયા
(એડવોકેટ)

જાહેર નોટિસ

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી.નં. ૩૮/૨૦૨૩

અરજદાર : શ્રી હિંમતભાઈ વલ્લભભાઈ રોકડ
રે. અમરેલી, ઠે. કેરીયા રોડ, રોકડ વાડી, શેરી નં. ૧૬, તા.જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
– ૧ –
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી, અમરેલી.

:: જાહેર નોટિસ ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના રહીશ શ્રી હિંમતભાઈ વલ્લભભાઈ રોકડએ તેઓના માતુશ્રી દિવાળીબેન વલ્લભભાઈ રોકડનું મરણ તા.૦૨/૧૨/૨૦૧૨ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૮/૦૫/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

જાહેર નોટિસ

આથી તમામ જાહેર જનતાને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના લીલીયા તાલુકના ક્રાંકચ ગામે ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ વર્ષ : ૨૦૨૨/૨૩ હેઠળ 'અનુસુચિત જાતિ વિસ્તારમાં લાઈબ્રેરી હોલ બનાવવાનું કામ' મંજુર થયેલ છે. જે કામનું સ્થળ અનુસુચિત જાતિ વિસ્તારમાં જુના વણકર વાસમાં મેઈન બજાર રસ્તાની પૂર્વ દિશામાં આવેલ ખાલી પડતર જગ્યામાં નકકી થયેલ હોય આ જગ્યા બાબતે જો કોઈને વાંધો–હરકત કે હિત સમાયેલ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયાના દિન–૧૦માં આધાર પુરાવા સાથે ગ્રા.પં. ક્રાંકચને જાણ કરવી. અન્યથા આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સરપંચ
ગ્રામ પંચાયત – ક્રાંકચ

વિસાવદરનાં માંડાવડ ગામે ભૂતબાપાની દેગ(થાળ)માં સાધુ સંતોની ઉપસ્થિતિમાં ભોજન પ્રસાદોત્સવ યોજાયો



વિસાવદર તાલુકાના માંડાવડ ગામે આવેલ ભૂતબાપાના પ્રાચીન સ્થાનકે ભૂતબાપાની દેગ (થાળ)નો કાર્યક્રમ માંડાવડના ગિજુભાઈ વિક્રમા (પ્રમુખ-વિસાવદર તાલુકા પત્રકાર સંઘ) તથા તેમના પરિવાર દ્વારા યોજાઈ ગયો. ભારત સાધુ સમાજના પ્રમુખ અને બ્રમ્હાનંદધામ-ચાંપરડાના મહંત પૂ. મુકતાનંદબાપુના પ્રમુખ સ્થાને તથા પૂ.આપાગીગા ની જગ્યા-સત્તાધારધામના મહંત પૂ. વિજયબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મહામંડલેર પૂ.હરિહરાનંદબાપુ (ભારતી આશ્રમ-જૂનાગઢ), મહામંડલેર શ્રધ્ધાનંદજી (ધોરાજી), મહામંડલેર રામસ્વરૂપદાસજી બાપુ (ચેલૈયાધામ -બિલખા), મહંતશ્રી મહાદેવગીરી બાપુ (અખિલ સંત સમિતિ, અવધૂત આશ્રમ-જૂનાગઢ, મહંતશ્રી લવજી બાપુ-નેસડી, કોઠારીશ્રી હરિબાપુ-બગસરા સહિત સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ આસ્થાના કેન્દ્રોના મહંતો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.માંડાવડ ગામે દરબાર સાહેબના ડેલા સામે આવેલા આ સ્થાનકનો ઈતિહાસ પણ જાણવા જેવો છે. આ ભૂતબાપા માંડાવડ દરબાર સાહેબના બધા કામો કરતા પરંતુ કોઈક કારણોસર જતા દિવસે માંડાવડ દરબાર સાહેબના કામો કરવાને બદલે ગઢ માં નુકસાન કરવા લાગ્યા. જેને કારણે દરબાર સાહેબનો આખો પરિવાર ત્રાસી ગયો. આ ત્રાસનો નિવેડો લાવવા માટે દરબાર સાહેબ સત્તાધાર ગયા અને પૂ.આપાગીગાની સમાધિએ માંથુ ટેકવીને તે વખતના ગાદીપતિ પૂ. રામબાપુને સઘળી વાત કરી ને ભૂતબાપાના ત્રાસમાંથી છોડાવવા વિનંતી કરી. પૂ. રામબાપુ એ દરબાર સાહેબની વાત સાંભળીને કહ્યું કે જો આપાની ઈચ્છા હશે તો બધા સારા વાના થઈ જશે. એમ કહીને પૂ. રામબાપુ બે મિનીટ માટે સમાધિસ્થ થઈ ગયા. ત્યારબાદ પૂ. રામબાપુએ દરબાર સાહેબને કહેલ કે હું ભૂતબાપા પાસે આજે આવું છુ. કહેવાય છે કે પૂ. રામબાપુ સતાધારથી આવ્યા અને એ ભૂતબાપાને એ જ વડલાની સોટી ઉપર સતાધાર લઈ ગયા અને સતાધારમાં આવેલા એક પ્રાચીન ભૂતવડલામાં તેમને સ્વમાનભેર સ્થાન આપ્યું. સતાધારમાં આવેલા એ ભૂતબાપાના વડલામાં સહુ પ્રથમ થાળ નિયમિત રીતે ધરવામાં આવે છે તેમજ પૂજા અર્ચન કરવામાં આવે છે. સતાધારના ભૂતબાપાના દર્શને હજારો શ્રધ્ધાળુઓ રોજ આવે છે. સતાધારના કામ ભૂતબાપા કરે છે એમ કહેવાય છે. માંડાવડ મુકામે આવેલા આ પ્રાચીન સ્થળે દરવર્ષે વિક્રમા પરિવાર દ્વારા દેગનું આયોજન કરવામાં આવે છે અને હજારો લોકોને ભોજન પ્રસાદ કરાવવામાં આવે છે. સંજોગો વશાત આજ વિક્રમા પરિવારના મોભી પૂ. પ્રભાશંકરદાદા ૯૬ વર્ષ પૂર્ણ કરતા હોય તેમને તથા તેમના પત્નિ પૂ.પુનબાઈબાને સન્માન કરવાનો લહાવો સંતો તથા મહાનુભાવોએ લીધો હતો.આ કાર્યક્રમમાં પૂર્વ ડી.જી. વણજારા, ડીવાયએસપી જૂનાગઢ હિતેષ ધાંધલિયા, પૂર્વ ડીવાયએસપી રાઠોડ, પીઆઈ વિસાવદર ગઢવી, પૂ.આપાગીગાના પરિવારના મોટાભાઈ સંવટ, પૂર્વ ધારાસભ્ય હર્ષદ રીબડીયા સહિત પ્રતિષ્ઠિત મહાનુભાવો, પત્રકારો સહિત વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા અને ભોજન પ્રસાદ લીધો હતો.

ફાયર બ્રિગેડ આધુનિક ટેક્નોલોજીથી સજ્જ

અમરેલીનાં ફાયર વિભાગ પાસે સાડા બાર હજાર લીટર પાણીની ક્ષમતાવાળું વોટર બાઉઝર

આકસ્મિક સંજોગોમાં તાત્કાલિક રેસ્કયુ કરી શકાશે

અમરેલી, તા. ૨૨

અમરેલી ફાયર વિભાગ પણ હવે આધુનિક ટેકનોલોજીના સાધનોથી સજજ બન્યું છે. અહીં ઈમરજન્સી રેસ્કયુ ટેન્ડર મારફત પુર, અકસ્માત અને બિલ્ડીંગ ધરાશાયી જેવી આપદા સમયે તાત્કાલિક રેસ્કયુ કરી શકાશે. અમરેલી ફાયર તંત્રનાં કર્મચારીઓએ જુદા જુદા કરતબ બતાવી લોકોને સમજણ આપી હતી.

દિન પ્રતિદિન ફાયર ડિપાર્ટમેન્ટનાં માળખામાં સુવિધાઓનો વધારો થઈ રહ્યો છે. ત્યારે હાલમાં જ અમરેલી જિલ્લા ફાયર વિભાગને ગુજરાત સ્ટટ ફાયર પ્રિવેન્શન સર્વિસ દ્વારા વોટર બાઉઝર (કપિધ્વજ) અને ઈમરજન્સી રેસ્કયુ ટેન્ડરનો ઉદ્‌ઘાટન સમારો હ અને જનતા અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો.

વિધાનસભાનાં ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા અને ભાવનગર રિજીયનનાં ફાયર વડા રિજીયોનલ ફાયર ઓફિસર પ્રવિણ સારસ્વતનાં હસ્તે એકઝીબ્યુશન સમારંભનું ઉદ્‌ઘાટન કરાયું હતું.

આ તકે અમરેલી જિલ્લા ફાયર ઓફિસર એચ.સી. ગઢવી ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે ફાયર વિભાગનાં કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. ઈમરજન્સી રેસ્કયુ ટેન્ડરમાં વિદેશી કંપનીના સાધનો આવેલા છે. અમરેલી ફાયર વિભાગ આધુનિક સાધનોથી સજજ બન્યું છે. અમરેલી ફાયર વિભાગ પાસે સાડા બાર હજાર લીટર પાણીની ક્ષમતાવાળું વોટર બાઉઝર અમરેલી ફાયર વિભાગ આધુનિક સાધનોથી સજજ બન્યું છે. ત્યારે ફાયર તંત્ર પાસે રહેલ વોટર બાઉઝર સાડા બાર હજાર લીટર પાણીની કેપીસીટી ધરાવે છે. આગ લાગે ત્યારે ૮ થી ૯ મિનીટમાં ખાલી થઈ જાય છે. તેના પાણીનાં પ્રેસરની કેપીસીટી ૭/૧૨ની છે.બી.એસ.સેટની મદદથી કેમિકલ ફેકટરીમાં આગ લાગે ત્યારે લોકોને બચાવી શકાય. અહી ચાર બીએસ સેટની ફાળવણી કરવામાં આવી છે. સ્પેરમાં તેમની બોટલો પણ અપાઈ છે. બીએસ સેટની મદદથી કેમિકલ ફેકટરીમાં આગ લાગી હોય શ્વાસ ન લઈ શકાય તેમ હોય ત્યારે તેનો ઉપયોગ કરી લોકોને બચાવવામાં આવે છે. આ ઉપરાંત નીચે ઉંડાણમાં જવા માટે પણ ઉપયોગી બને છે.

ઘર આંગણે જ બચાવના આધુનિક સાધનો આવતા તાત્કાલિક મદદ મળશે. જિલ્લામાં જયારે કોઈ મોટી આપદા આવે ત્યારે રાજકોટ અને અમદાવાદથી આધુનિક સાધનોથી સજજ ગાડીઓ મંગાવવી પડતી હતી. પરંતુ હવે અમરેલીમાં ફાયર વિભાગને ઈમરજન્સી રેસ્કયુ ટેન્ડર મળતા જિલ્લામાં આપદા સમયે તાત્કાલિક લોકોને મળી રહેશે. કેવી આપદાઓમાં ઈમરજન્સી રેસ્કયુ ટેન્ડર કામ લાગે ?

અમરેલી ફાયર તંત્ર પાસે રહેલ રેસ્કયુ ટેન્ડર બિલ્ડીંગ ધરાશાયી થયું હોય ત્યારે બચાવ કાર્યમાં, કુવામાં પડી ગયેલ વ્યકિતને બચાવવા માટે, પુર આવે અને નદીમાં ફસાયા હોય ત્યારે, અકસ્માત થાય અને લોકો ફસાયા હોય ત્યારે, મકાનનો સ્લેબ પડી ગયો હોય અને વ્યકિત અંદર ફસાયો હોય ત્યારે સ્લેબને ઉપર કરવા માટે, વાવાઝોડામાં રસ્તા પર પડેલા વૃક્ષોને હટાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

લીલીયા મોટાનાં ક્રાંકચ ખાતે સગર્ભા મહિલા નિદાન કેમ્પ યોજાયો

લીલીયા, તા. ૨૨

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ક્રાંકચ ખાતે તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ. એ. સિદ્ધપુરાનાં માર્ગદર્શન હેઠળ, રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ અમરેલીનાં સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. કેવલ પંડયા દ્વારા સગર્ભા બહેનોનો નિઃશુલ્ક નિદાન અને સારવાર કેમ્પ યોજાયો. આજુબાજુના ગામોની કુલ ૨૨ સગર્ભા બહેનોની અત્રે વિનામૂલ્યે લેબોરેટરી તપાસ, નિદાન તથા સારવાર કરવામાં આવી. તમામ સગર્ભા બહેનોને ઘરેથી દવાખાને તથા પરત ઘરે મુકવા માટે ખીલખીલાટની મફત સેવા પ્રાપ્ત થયેલ.

સમગ્ર કેમ્પને સફળ બનાવવા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ક્રાંકચનાં મેડિકલ ઓફિસર ડો. સોનાલીબેન, ડો. તૃપ્તિબેન, સુપરવાઈઝર ભાવનાબેન, નિલેશ ભાઈ, ભાર્ગવીબેન તથા આશા બહેનોએ ભારે જહેમત ઉઠાવેલ. તમામ સગર્ભા બહેનોની લેબોરેટરી તપાસ માનસીબેન દ્વારા કરવામાં આવેલ.

સા.કુંડલાના એસ.ટી. ડેપોના કર્મચારીની બઢતી સાથે બદલી થતાં વિદાયમાન અપાયું

સાવરકુંડલા. તા. ૨૨

સાવરકુંડલા એસટી ડેપો ખાતે ફરજ બજાવતા જોગરાણા વશરામભાઈ આર્ટ એ મિકેનિકમાં પ્રમોશન થતા કોડીનાર ખાતે બદલી થતાં સાવરકુંડલા ડેપોના યુનિયન પ્રમુખ લાલભાઈ વિંછીયા તેમજ હેડ મિકેનિક એલ. કે. પરમાર તેમજ એટીઆઈ પુનિતભાઈ જોશી તેમજ સાવરકુંડલા ડેપોના તમામ કર્મચારીઓ હાજર રહી જોગરાણાને શાલ ઓઢાડી ફૂલહારથી વિદાય સમારંભ યોજવામાં આવેલ હતો. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

અડગમનનાં માનવીને હિમાલય પણ નડતો નથી

અમરેલીનાં બાળ સંભાળગૃહમાં રહીને પરેશ હકુભાઈએ સરકારનાં હેતુને સિદ્ધ કર્યો

મહેનત કરી અભ્યાસ મેળવ્યો અને પોસ્ટ માસ્તર બન્યાં

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સંચાલિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તથા જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા કાર્યરત બાળ સંભાળ ગૃહમાં જિલ્લાનાં કાળજી અને રક્ષણની જરૂરિયાત વાળા બાળકો અંતેવાસ કરે છે. આ બાળકોમાં મુખ્યત્વે અનાથ, એકવાલી, મળી આવેલ, ગંભીર બીમારીથી પીડિત માતા-પિતાનાં બાળ કો વગેરે રહી અભ્યાસ કરે છે. અને સરકાર દ્વારા આવા બાળકોનાં સર્વાંગી વિકાસ માટે બાળ સંભાળ ગૃહ કાર્યરત છે.

અમરેલી જિલ્લામાં પ્રતાપપરા ખાતે કાર્યરત સરકારી ચિલ્ડ્રન હોમમાં કલસરીયા પરેશ હકુભાઈ એ બાળ સંભાળ ગૃહમાં સરકારનાં હેતુને સિધ્ધ કરી બતાવ્યો છે. પરેશએ બાળ સંભાળ ગૃહમાં રહી કેળવણી મેળવી આત્મવિશ્વાસ કેળવી અભ્યાસ ખંતથી કર્યો, ત્યાર બાદ સરકારની સ્પોન્સરશીપ યોજનાનો લાભ લઈ ઘરે પરત જઈ સહાય દ્વારા અભ્યાસ ચાલુ રાખ્યો અને આજનાં સ્પર્ધાત્મક યુગમાં પોસ્ટ ઓફિસ વિભાગમાં પોસ્ટ માસ્ટરની કેડરમાં પસંદગી પામ્યા છે. તે બદલ સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તથા જિલ્લા બાળ સુરક્ષા એકમ એ તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવતા ગર્વ અનુભવે છે. તેમની આ સફળતા ગુજરાત રાજયનાં તમામ બાળ સંભાળગૃહમાં નિવાસ કરતા અંતેવાસી બાળકો માટે માર્ગદર્શક અને પ્રેરણા રૂપી બની રહેશે.

તાલુકા પંચાયતનાં સદસ્ય જગદીશભાઈનું નિવેદન

લીલીયા તાલુકાને કમોસમી વરસાદ બાદ કોઈ રાહત આપવામાં આવી નથી

ધારાસભ્ય કસવાલાને પત્ર પાઠવી મદદ કરવા માંગ

અમરેલી, તા.૨૨

લીલીયા મોટા તાલુકા પંચાયતનાં સદસ્ય જગદીશભાઈ દેથલીયાએ ધારાસભ્ય કસવાલાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકા હાલમાં કમોસમી વરસાદ (માવઠા) વારંવાર થવાથી ઘઉ, ચણા, ડુંગળી અને અન્ય પાકો લીલીયા તાલુકાનાં ખેડૂતોને ભારે નુકશાન થયેલ તેમ છતા સરકારે મંજુર કરેલ સર્વે ટીમ દ્વારા થયેલ સર્વે હોય છતાં લીલીયા તાલુકામાં મંજુર કરેલ નથી. અને લીલીયા તાલુકાની આજુ-બાજુ ચારેય દિશામાં જેવા કે સાવરકુંડલા, અમરેલી, લાઠી અને ગારીયાધારનો સમાવેશ કરવામાં આવેલ છે. જયારે લીલીયા તાલુકો બાકાત હોય યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

ઈગોરાળા ખાતે સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા મળી

સેવા સહકારી મંડળીએ ગામડાનાં આર્થિક પરીબળનું મુખ્ય સ્ત્રોત છે અને તેનાં થકી ખેતી અને ખેડૂત આર્થિક જરૂરીયાત મેળવી વિકાસનાં પ્રવાહમાં રત રહે છે. તેમ લાઠી તાલુકાનાં ઈંગોરાળા (જાગાણી) ગામે આવેલ સેવા સહકારી મંડળી ૧૦૦ વર્ષ પુર્ણ કરતી હોય આ તકે આયોજીત વાર્ષિક સાધારણ સભાને સંબોધતા રાષ્ટ્રિય સહકારી આગેવાન દિલીપ સંઘાણીએ જણાવેલ સંઘાણીએ વધુમાં જણાવેલ કે, આગેવાનોની દિર્ઘ દ્રષ્ટિ એન મંડળીઓનો પારદર્શક વ્યવહાર 'સહકાર થી સમૃદ્ધિ' તરફ લઈ જતી હોય છે. જેનું ઉતમ ઉદાહરણ ઈંગોરાળા સે.સ.મ.લીએ પુરૂ પાડેલ છે. સાધારણ સભામાં દિલીપ સંઘાણી ઉપરાંત અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘ લિ. પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, અમરેલી જિલ્લા સહકારી સંઘનાં પ્રમુખ મનિષ સંઘાણી, મયુરભાઈ હિરપરા, જિલ્લા બેંકનાં જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) બી.એસ.કોઠીયા, મગનભાઈ ભાદાણી, મંડળીનાં પ્રમુખ બાબુભાઈ વાઘાણી, મંડળીનાં મંત્રી રવિભાઈ હિરપરા, ઘનશ્યામભાઈ હિરપરા, લલ્લુભાઈ બાબરીયા, ભરતભાઈ ખોખર, બાબુભાઈ સખવાળા ઉપસ્થિત રહયા હતા. ઈગોરાળાનાં રહીશ આગેવાન મયુરભાઈ હિરપરાએ ઉપસ્થિત મહાનુભાવોને સ્વાગત સાથે આવકારી કાર્યક્રમમાં ઉપસ્થિતી બદલ આભાર વ્યકત કરેલ. આ તકે સહકારી આગેવાનો, ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. તેમ અખબારી યાદીનાં અંતમાં જણાવાયેલ છે.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફ્રેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...

ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં

ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલ્ટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન

ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી

- દરેક પ્રકારનાં હાડકાનાં ફ્રેકચરની અદ્યતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફ્રેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.

ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂા.૫૦/-
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન

NETRA CHIKITSA TRUST
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

અમરેલી જિલ્લા સહિત ગુજરાતની જનતાને કોઈ રાહત મળતી નથી

જનતા જનાર્દનને વીજબીલ, ગેસ સીલીન્ડર અને પરિવહનમાં રાહત આપો

કર્ણાટક, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, છત્તીશગઢ, નવી દિલ્હી અને પંજાબની જનતાને અનેકવિધ રાહતો અને ગુજરાતને કોઈ રાહત નહી

તેલગંણા, ઓરિસ્સા, તામિલનાડુ, આંધ્રપ્રદેશ સહિતનાં રાજયોની જનતાને પણ સરકાર અનેક મદદ કરી રહી છે

ગુજરાતની જનતાને મોસાળે જમણ અને મા પીરસનારી છતાં પણ મોંઘવારીમાં કોઈ રાહત મળતી નથી

ભાજપને છેલ્લા ૩૦ વર્ષથી રાજયની જનતા અપાર સમર્થન આપતી હોય સરકારે ગંભીરતાથી વિચારવું જોઈએ

અમરેલી, તા. ૨૨

ભારત દેશનાં એક ડઝન જેટલા વિપક્ષી શાસિત રાજયોની જનતાને વીજબીલ, પરિવહન, બેરોજગારી ભથ્થુ, કર્મચારીઓને પેન્શન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. તો અમુક રાજયોમાં માત્ર ૧૦ રૂપિયામાં ભોજન, બેરોજગાર યુવાનોને ભોજ સહિત અનેક સુવિધાઓ મળી રહી છે પરંતુ અમરેલી જિલ્લા સહિત રાજયની ગરીબ જનતાને મહત્વની કોઈ રાહત મળતી નથી.

ગુજરાતની જનતા માટે મોસાળે જમણ અને મા પીરસનારી જેવો માહોલ હોવા છતાં પણ સરકાર તફરથી મહિલાઓ, બેરોજગાર યુવાનો, નિવૃત્ત કર્મચારીઓને કોઈ વિશેષ સવલત મળતી નથી. રાજયનાં ખેડૂતો દેવાં તો શ્રમિકો ગરીબોમાં ડૂબેલા હોય તેઓને કોઈ રાહત મળતી નથી.

ગુજરાતની જેમ જ કર્ણાટક, નવી દિલ્હી, તામિલનાડુ, પંજાબ જેવા રાજયો આર્થિક રીતે સમૃધ્ધ હોવા છતાં પણ તેમની સરકાર

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી નજીક આવેલ

દેવરાજીયા ગામે રહેતી યુવતીએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા મોત

ફરજામાં આડસર દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૨૨, અમરેલી તાલુકાનાં દેવરાજીયા ગામે રહેતા રીંકલબેન કિશોરભાઈ ભાલુ નામની ૨૧ વર્ષિય યુવતીએ તા. ૨૧નાં સવારે કોઈપણ કારણોસર પોતાની મેળે ફરજાનાં આડસર સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત થયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સાવરકુંડલાથી પરિવાર સાથે આવ્યા બાદ

ધારીનાં ખોડિયાર જળાશયની બાજુમાં ન્હાવા પડેલ યુવકનું ડૂબી જવાથી મોત

ફાયર ફાઈટરની ટીમે ઘટનાસ્થળેથી મૃતદેહની ભાળ મેળવી

અમરેલી, તા. ૨૨

ધારી નજીક આવેલ ખોડીયાર ડેમની બાજુમાં ગળધરા ધરા માં ન્હાવા પડેલા કોઈ યુવાન ડૂબી ગયેલ છે તે અંગેની જાણ ગઈકાલ બપોરના ૩:૪૦ કલાકે ફાયર કંટ્રોલરૂમ અમરેલી ખાતે કરવામાં આવેલ. તેને અનુસંધાને ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી નીચે ફાયર સ્ટાફ તુરંત ઘટના સ્થળે પહોંચી અને ખૂબ જ અનુભવી અને મહેનતી એવા ફાયર સ્ટાફના તરવૈયા સવજીભાઈ ડાભી અને કૃષ્ણભાઈ ઓળકિયાએ શોધખોળ શરૂ કરી માત્ર ૧૫ મિનિટમાં જ

અનુસંધાન પાના ૬ ઉપર

''અમરેલી એક્સપ્રેસ''માં અહેવાલ પ્રસિધ્ધ થતાં

જાફરાબાદનાં બસ સ્ટેન્ડમાં રીનોવેશનની બંધ થયેલ કામગીરી યુધ્ધનાં ધોરણ શરૂ

વિના વિઘ્ને ઝડપથી કામગીરી પૂર્ણ થાય તે જરૂરી

તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદ ખાતે એસ. ટી. બસ સ્ટેશનનું જે રીનોવેશનનું કામ છેલ્લા એકાદ માસથી બંધ પડેલ હતું. આ બાબતે ''અમરેલી એકસપ્રેસ'' અખબારમાં અને સોશ્યલ મીડિયામાં સમાચાર પસિધ્ધ થતાં રીનોવેશનનું કામ ચાલું કરી દેવામાં આવ્યું છે. જેથી મુસાફર જનતામાં અને લોકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામેલ છે. આશા રાખવામાં આવે છે કે આ રીનોવેશનનું કામ ઝડપથી કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

ધારી નજીક આવેલ

પ્રેમપરામાં વિદેશી દારૂ, બિયર ભરેલ કાર સાથે ૧ની અટકાયત

કાર સહિત રૂા. ૧.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો

અમરેલી, તા. ૨૨

ધારી તાલુકાનાં પાદરગઢ ગામે રહેતા અને ખેતીકામ કરતાં છત્રજીતભાઈ ઉર્ફે લાલો બાધાભાઈ વાળા નામનાં ઈસમ તા. ૨૧ની રાત્રીનાં સમયે પોતાના હવાલાવાળી કાર નં. જી.જે.–૧૪ એપી ૪૮૨ માં વિદેશી દારૂની બોટલ નંગ–૨૦ તથા બિયર ટીન નંગ–૩૨ મળી કુલ રૂા. ૯૬૫૦નાં મુદામાલ સાથે ધારી નજીક આવેલ પ્રેમપરામાં બગસરા રોડ ઉપરથી નીકળતા પોલીસે કામ સહિત રૂા. ૧,૫૯,૬૫૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

નાની નાની વાતમાં દુઃખ ત્રાસ આપતા હોય

સા.કુંડલામાં પરિણીતાએ સાસરીયાઓનાં બેહદ ત્રાસથી ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

મૃતકનાં પિતાએ પતિ સહિતનાં સાસરીયાઓ વિરૂધ્ધ ફરિયાદ કરી

અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાનાં સેંજળ ગામે રહેતા જીણાભાઈ ભારમલભાઈ વાઘેલાની દીકરી ચકુબેનનાં લગ્ન સાવરકુંડલા ગામે રહેતા અમુભાઈ ચોથાભાઈ કારડીયા સાથે થયેલ હોય અને લગ્ન બાદ ચકુબેનનાં પતિ અમુભાઈ, સસરા ચોથાભાઈ હરીભાઈ કારડીયા તથા સાસુ રેખાબેન વિગેરેએ નાની–નાની વાતમાં ધોલ ધપાટ કરી પરિણીતાને દુઃખ ત્રાસ આપતા હોય. જે દુઃખ ત્રાસ આ ચકુબેનથી સહન ન થતાં તેણીએ પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજતા આ બનાવમાં મૃતક પરિણીતાનાં પિતાએ પરિણીતાનાં પતિ, સસરા, સાસુ સામે પોતાની દીકરીને મરી જવા મજબુર કર્યાની ફરિયાદ સાવરકુંડલા રૂરલ પોલીસમાં નોંધાઈ છે.

• પંજાબી ફૂડ
• સાઉથ ઈન્ડીયન ફૂડ

શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. ☎ 02792-220867 - 95109 59954
સમય : સવારે 08:00 થી રાત્રે 11:00

આજે જ પધારો, આપની એક મુલાકાત કાયમી યાદગાર બની રહેશે...

LG BEST SHOP

NEW
LG REFRIGERATORS
STUNNINGLY STYLISH
— FLORAL & ART SERIES —

LG DIRECT COOL REFRIGERATORS

મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ,
અમરેલી. મો. 99 74 77 23 77

નારી હોસ્પિટલ
હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર

ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 9327361084

ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 9723799091

નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અદ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.

નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે,
માણેકપરા, અમરેલી.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

તકો તો સૌ કોઈ માટે સરખી જ હોય છે
તફાવત ફક્ત એટલો જ છે કે ....
સફળ વ્યક્તિઓ પરિણામ આપે છે.
જ્યારે નિષ્ફળ વ્યક્તિઓ
કારણ જ આપે છે.

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

- રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (આરસીટી)
- દાંતનો સડો કાઢીને તેમાં ચાંદી/ડેન્ટલ સીમેન્ટ પુરવી
- મેટલ અને સીરામીક ફિકસ દાંત
- પેઢાની સફાઈ તથા સર્જરી
- ચોગઠા બનાવવા
- ડેન્ટલ ઈમ્પલાન્ટ (સ્ક્રુ વડે દાંત ફીટ કરવા)
- વાંકાચુકા દાંતની સારવાર

ડૉ. તુષાર બોરાણીયા (B.D.S.)
દાંત તથા પેઢાના રોગોનાં સર્જન
દાંતના મુળની સારવારના નિષ્ણાંત

ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી–૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)